RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 322* Date: 19.09.2021 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# પંજાબના મુખ્યમંત્રી અમરિંદરે રાજીનામું આપ્યું



**મીડિયા સાથેની વાતચીતમાં કેપ્ટન અમરિંદરે જણાવ્યું કે, કોંગ્રેસમાં મારું સતત અપમાન કરવામાં આવતું હતું. કોંગ્રેસને મારા પર વિશ્વાસ નહતો રહ્યો. એક મહિનામાં ત્રણ વખત મને દિલ્હી બોલાવવામાં આવ્યો હતો.**

જલંધર, તા.૧૮

પંજાબમાં અત્યારે મુખ્યમંત્રી અને પક્ષના વડા (સિદ્ધુ) બંને શીખ ચહેરા છે. આનાથી હિન્દુઓ અને શીખોની સંવાદિતાનું રાજકીય ગણિત ખોરવાઈ ગયું છે. આવી સ્થિતિમાં ચર્ચા છે કે શું કોઈ હિન્દુ ચહેરાને ૫ મહિના માટે મુખ્યમંત્રીની ખુરશી આપી શકાય છે? આવી સ્થિતિમાં સુનીલ જાખડનું નામ સામે આવી રહ્યું છે. પૂર્વ મંત્રી લાલ સિંહ પણ આ દિવસોમાં કેપ્ટનની નજીક રહ્યા છે. બીજી તરફ, સાંસદ પ્રતાપ સિંહ બાજવા પણ લાંબા સમયથી ખુરશી મેળવવા પ્રયાસ કરી રહ્યા છે. આ સિવાય રાજીન્દર કૌર ભટ્ટલ પર પણ નજર બનેલી છે, જે પહેલાં પણ સીએમ રહી ચૂક્યાં છે.જો બળવાખોર જૂથ કેપ્ટન અમરિંદર સિંહ પર ભારે પડશે અને તેમણે ખુરશી છોડવી પડી તો પંજાબ કોંગ્રેસ સમક્ષ મોટો પ્રશ્ન એ હશે કે આ કમાન કોને સોંપવી જોઈએ. જોકે બળવાખોર જૂથનું નેતૃત્વ કરનારા સુખજિંદર રંધાવા પણ મુખ્યમંત્રી બનવાની ઈચ્છા ધરાવે છે, પરંતુ આમ કરવાથી કેપ્ટન ગ્રુપના ધારાસભ્યો નારાજ થશે.નવજોત સિદ્ધુને પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ બનાવાયા ત્યારથી કોંગ્રેસમાં હંગામો ચાલી રહ્યો છે. ખાસ કરીને કેપ્ટનના વિપક્ષી જૂથે બીજી વખત મોરચો ખોલ્યો છે, જ્યારે આવતા વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ ઈચ્છશે કે આ મામલો વહેલી તકે ઉકેલાય. જોકે કેપ્ટન સામે બળવો કરવાની દરેક શરત અત્યારસુધી નિષ્ફળ રહી છે. આવી સ્થિતિમાં હવે સિદ્ધુ કેમ્પ સંપૂર્ણ જોર લગાવશે કે આજની બેઠકમાં જ કેપ્ટનને ખુરશી પરથી દૂર કરવાનો નિર્ણય લેવામાં આવે.ધારાસભ્ય દળની બેઠક બોલાવવામાં આવી છે એ બાબતે જાણ થતાં જ કેપ્ટન અમરિંદર સિંહે તેમના નજીકના ધારાસભ્યોને પણ સિસવા ફાર્મ હાઉસમાં બેઠક માટે બોલાવ્યા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે અહીં બળવાખોર જૂથ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની સ્થિતિમાં તેની સામે લડવા માટેની એક યોજના તૈયાર કરવામાં આવશે.પંજાબ કોંગ્રેસમાં હંગામો હવે એટલી હદે વધી ગયો છે કે મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ રાજ્યપાલને મળીને મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાના રાજીનામા સાથે સમગ્ર મંત્રીમંડળનું પણ રાજીનામું રાજ્યપાલને સોંપી દીધા છે. કેપ્ટન અમરિંદરે રાજીનામું આપ્યા પછી મીડિયા સાથે વાત કરી હતી. મીડિયા સાથેની વાતચીતમાં કેપ્ટન અમરિંદરે જણાવ્યું કે, કોંગ્રેસમાં મારું સતત અપમાન કરવામાં આવતું હતું. કોંગ્રેસને મારા પર વિશ્વાસ નહતો રહ્યો. એક મહિનામાં ત્રણ વખત મને દિલ્હી બોલાવવામાં આવ્યો હતો. પરિણામે સવારથી જ મારું રાજીનામું આપવાનું નક્કી હતું. હવે કોંગ્રેસ ઈચ્છે તેને મુખ્યમંત્રી બનાવી શકે છે. મારી પાસે અન્ય વિકલ્પો પણ ખુલ્લા છે. જો સૂત્રોનું માનીએ તો કેપ્ટને આજે સમગ્ર વિવાદનો અંત લાવવા કહ્યું છે. કેપ્ટને એવી ધમકી પણ આપી છે કે જો તેમને સીએમ પદ પરથી હટાવી દેવામાં આવશે તો તેઓ પાર્ટી પણ છોડી દેશે. તેમણે આ સંદેશ પાર્ટી હાઈકમાન્ડ સુધી પહોંચવા માટે કહ્યું છે. અગાઉ, સિદ્ધુના વ્યૂહાત્મક સલાહકાર મુહમ્મદ મુસ્તફાએ સાડા ચાર વર્ષ પછી કોંગ્રેસના સીએમ પસંદ કરવાની તક અંગે મોટું નિવેદન આપ્યું છે. મોટો સવાલ એ થઈ ગયો છે કે સન્માનજનક વિદાય માટે કેપ્ટન અમરિંદર સિંહ રાજીનામું આપશે અથવા ધારાસભ્યો પક્ષની બેઠકમાં જ અવિશ્વાસ પ્રસ્તાવ આપશે. કેપ્ટને અંદાજે ૨ વાગે તેમના ગ્રુપની બેઠક બોલાવી છે અને ધારાસભ્યોને આવવા કહ્યું છે. કેપ્ટનથી નાખુશ ૪૦ ધારાસભ્યના પત્ર પછી કોંગ્રેસ હાઈકમાન્ડે એક મોટો નિર્ણય લેતાં આજે સાંજે ૫ વાગ્યે ચંદીગઢમાં પંજાબ કોંગ્રેસ ભવનમાં ધારાસભ્ય દળની બેઠક બોલાવી છે. પંજાબ કોંગ્રેસના પ્રભારી હરીશ રાવતે સોનિયા ગાંધીને મળ્યા બાદ શુક્રવારે મધ્યરાત્રિએ સોશિયલ મીડિયા પર ધારાસભ્ય દળની બેઠક અંગે માહિતી આપી છે. આજની બેઠકમાં અજય માકન અને હરીશ ચૌધરી કેન્દ્રીય નિરીક્ષક તરીકે હાજર રહેશે. આ બેઠક બાદ રિપોર્ટ તૈયાર કરીને હાઈકમાન્ડને મોકલવામાં આવશે.

## ભારતના પાંચ હજાર કિલોમીટરની રેન્જના મિસાઈલ પરીક્ષણોથી ચીન અકળાઈ ગયું

નવી દિલ્હી , તા.૧૮

ચીનનો આ વાંધો ઉપર છલ્લો અને પૂર્વગ્રહયુક્ત છે. પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમને ચીન જ સમર્થન કરે છે અને મદદ આપે છે. ચીન પાકિસ્તાનને યુરેનિયમનો જથ્થો પૂરો પાડે છે. એટલું જ નહી, પરમાણુ મિસાઈલો માટે ટેકનલોજી પણ ચીન પાકિસ્તાન સાથે શેર કરે છે. પાકિસ્તાનના પરમાણુ મિસાઈલોના પરીક્ષણોનો ચીને ક્યારેક વિરોધ કર્યો નથી. પરંતુ ભારતના પાંચ હજાર કિલોમીટરની રેન્જના મિસાઈલ પરીક્ષણોથી ચીન અકળાઈ ગયું છે.એક તરફ અમેરિકા-બ્રિટન-ઓસ્ટ્રેલિયા વચ્ચે ઓકસ સંગઠનની રચના થઈ અને ત્રણેય દેશો વચ્ચે પરમાણુ સબમરીનનો કરાર થયો. બીજી તરફ ભારત આગામી દિવસોમાં અગ્નિ-૫ ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કરવાનું છે. આ બંને ઘટનાથી ચીનના પેટમાં તેલ રેડાયું છે. ભારત આગામી દિવસોમાં અગ્નિ-૫ ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કરે એવી શક્યતા છે.

આ મિસાઈલની રેન્જ પાંચ હજાર કિલોમીટર સુધીની છે, જેના કારણે ચીનના કેટલાય શહેરો આ મિસાઈલની રેન્જમાં આવે છે. તેનાથી ગભરાઈ ગયેલાં ચીને યુએનમાં ફરિયાદ કરી છે. યુએનના ૧૯૯૮ના પ્રસ્તાવને ટાંકીને ચીને ફરિયાદ કરી છે કે ભારત મિસાઈલનું પરીક્ષણ કરે તે યોગ્ય નથી. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાને કહ્યું હતું કે ભારતની બેલાસ્ટિક મિસાઈલના પરીક્ષણનો સવાલ છે ત્યાં સુધી એટલું જ કહી શકાય કે યુએનની સુરક્ષા પરિષદની શરત પ્રમાણે દક્ષિણ એશિયાની શાંતિ-સલામતી અને સુરક્ષા માટે પરમાણુ પરીક્ષણો કરવા યોગ્ય નથી. આખા વિસ્તારની શાંતિ માટે બધા જ દેશો જવાબદાર છે.

ચીન આશા રાખે છે કે કોઈ પણ દેશ એવો કોઈ પ્રયાસ નહીં કરે કે જેનાથી વિસ્તારની શાંતિ જોખમમાં મૂકાય. ૧૯૯૮માં યુએનની સુરક્ષા પરિષદે ભારત અને પાકિસ્તાન પરમાણુ પરીક્ષણો ન કરે તે માટે પ્રસ્તાવ રજૂ કર્યો હતો. એ પ્રમાણે દક્ષિણ એશિયાની શાંતિ માટે પરમાણુ પરીક્ષણો ન થાય તેવી ભલામણ કરવામાં આવી હતી. એ કરાર પ્રમાણે પરમાણુ હથિયારોની તૈનાતી કે તેના પરીક્ષણોથી દૂર રહેવાનું હતું.

## તાલિબાનોની સરકાર બનતાં વિશ્વમાં આતંક અને કટ્ટરવાદ વધશે : મોદી



, નવી દિલ્હી , તા.૧૮

આતંકવાદ અને કટ્ટરવાદની વર્તમાન સ્થિતિ છે એવી જ સ્થિતિ આગળ રહેશે તો સંગઠનના સભ્ય દેશોના કરોડો યુવાનોના માનસ ઉપર તેની અસર પડશે અને તે ભવિષ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે. પીએમ મોદીએ ઉમેર્યું હતું કે ભારત મધ્ય એશિયાના દેશો સાથે વધારે ગાઢ સંબંધો વિકસાવવા માટે કટિબદ્ધ છે. ભારત દરેક દ્વિપક્ષીય પહેલ માટે કટિબદ્ધ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ના સભ્ય દેશોના નેતાઓને વર્ચ્યુઅલ સંબોધન કર્યું હતું. એમાં પીએમ મોદીએ કટ્ટરવાદ અને આતંકવાદને વિશ્વ માટે ઘાતક ગણાવીને ઉમેર્યું હતું કે સભ્ય દેશોએ આતંકવાદ સામે સંગઠિત થઈને લડત આપવાની જરૂર છે. એસસીઓ સમિટમાં અફઘાનિસ્તાનની સ્થિતિ બાબતે ખાસ ચર્ચા થઈ હતી. એમાં પીએમ મોદીએ અફઘાનિસ્તાન અને તાલિબાનના સંદર્ભમાં સ્પષ્ટ વલણ બતાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં તાલિબાનોની સરકાર બનવા વિશ્વમાં આતંકવાદ અને કટ્ટરવાદ વધી જશે. આંતરિક કે બાહ્ય સહમતી વગર તાલિબાનોની સરકાર બની હોવાથી વિશ્વએ સમજી-વિચારીને તાલિબાનની સરકારને સમર્થન આપવાનું વિચારવું જોઈએ. ઈતિહાસ તરફ નજર કરીશું તો જણાશે કે મધ્ય એશિયાની સંસ્કૃતિ ઉદારવાદી અને સહિષ્ણુ હતી. સૂફીવાદ જેવી પરંપરાનો ઉદ્ભવ સદીઓ પહેલાં આવા દેશોમાં થયો હતો. એસસીઓ આ પરંપરાને લોકો સુધી પહોંચાડવામાં નિમિત્ત બને તે જરૂરી છે. વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું હતું કે કટ્ટરવાદ સામે લડાઈ પ્રાદેશિક સુરક્ષા માટે તો જવાબદાર છે જ, પરંતુ એ સિવાય એસસીઓના સભ્ય દેશોના યુવાનોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અને તેમના સર્વાંગી વિકાસ માટે પણ જરૂરી છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનના રાજમાં મહિલાઓના અધિકારોનું રક્ષણ થતું નથી એને મોદીએ ચિંતાનો વિષય ગણાવીને ઉમેર્યું હતું કે ભારત યુએનની નીતિનું સમર્થન કરે છે. મોદીએ કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં હથિયારોના દમ ઉપર સરકાર બની છે, એમાં લોકશાહીના કે માનવ અધિકારોના વિચારોનો સમાવેશ થયો નથી. જો અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થાપાશે નહીં તો તેની દુનિયા આખીએ કિંમત ચૂકવવી પડશે. કોઈ પણ કિંમતે આતંકવાદને છૂટો દોર આપી શકાય નહીં. ભારત અફઘાનિસ્તાનના નાગરિકોની સહાય કરી રહ્યું છે. ભારત ખોરાક અને દવાની મદદ પહોંચાડે છે. ભારત આ કાર્ય માનવતા માટે કરે છે એવું વડાપ્રધાને કહ્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે શાંતિ અને સલામતી સામે કટ્ટરતા સૌથી મોટો પડકાર છે. વડાપ્રધાન મોદીએ બધા સભ્ય દેશોને અપીલ કરી હતી કે આતંકવાદ સામે બધાએ એકઠાં થઈને મજબૂત લડત આપવાની જરૂર છે. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનની ઓનલાઈન હાજરી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનનું નામ લીધા વગર કહ્યું હતું કે આતંકવાદને પ્રોત્સાહન આપતા દેશો સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવી જોઈએ અને જરૂર પડયે પ્રતિબંધો મૂકવા જોઈએ. અફઘાનિસ્તાનનો ઉલ્લેખ કરીને મોદીએ ઉમેર્યું હતું કે શાંતિ, સુરક્ષા અને દેશો વચ્ચે આંતરિક વિશ્વાસના અભાવ પાછળ કટ્ટરવાદ જવાબદાર છે. એસસીઓએ ઈસ્લામ સાથે જોડાયેલા ઉદારવાદ, સહિષ્ણુતા અને સર્વસમાવેશક પરંપરાને મજબૂત સંપર્ક વિકસિત કરવા ઉપર ભાર મૂકવો જોઈએ.

## રાહુલ ગાંધી નરેન્દ્ર મોદી સામે ટક્કર લઈ શકે તેમ નથી : મમતા

કોલકાતા , તા.૧૮

૨૦૨૧ની પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં મમતા બેનરજીએ ભાજપના તમામ દિગ્ગજ નેતાઓ અને ભાજપને પછાડી જંગી બહુમતી મેળવીને રાજયની સત્તા પુનઃ પોતાના હાથમાં લીધી હતી, ત્યારથી જ મમતા બેનરજી એક રાષ્ટ્રીય નેતા તરીકે અને વિરોધપક્ષના નેતા તરીકે ઉભરી આવ્યા હતા. ગઈકાલે ભવાનીપુર ખાતે આયોજિત એક જાહેરસભાને સંબોધતા મમતા બેનરજીએ કહ્યું હતું કે દેશને પાકિસ્તાન કે તાલિબાન નહી બનવા દે. તે સાથે તેમણે ભાજપ ઉપર સમાજમાં ભાગલા પડાવવાનો આરોપ મૂક્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે. મોદી આજે ૭૧વર્ષના થયા. દેશભરમાં તેમને અભિનંદન આપવામાં આવી રહ્યા છે. શિવસેનાના સાંસદ અને સંજય રાઉત કે જેઓ તેમના વિવાદાસ્પદ નિવેદનો માટે પ્રખ્યાત છે તેમણે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા છે.

મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે, નરેન્દ્ર મોદી દેશમાં એક મહાન નેતા છે. તે હવે દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. અમે તેમના સંઘર્ષને નજીકથી જોયો છે. તેમના કાર્યકાળ દરમિયાન દેશે રાજકીય સ્થિરતા પ્રાપ્ત કરી છે. એ સ્વીકારવું જ જોઈએ કે મોદીનો સત્તામાં એકતરફી ઉદય મોદીના નેતૃત્વ અને લોકપ્રિયતાની પરાકાષ્ઠા છે.

દેશમાં નરેન્દ્ર મોદી જેવો બીજો કોઈ નેતા નથી. તેમની ભૂમિકા અને કામને લઈને ગમે તેટલો વિવાદ હોય તો પણ, હું તેમને દેશના વડાપ્રધાન તરીકે શુભેચ્છા પાઠવું છું અને તેમને સમૃદ્ધ જીવનની શુભેચ્છા આપૂ છું.૨૦૧૪ની લોકસભાની ચૂંટણી દરમ્યાન નરેન્દ્ર મોદીની સામે વિરોધપક્ષના નેતા તરીકે તૃણમૂલ કોંગ્રેસે ગુરૂવારે મમતા બેનરજીને ગુરૂવારે પ્રોજેક્ટ કર્યા હતા. તે સાથે રાહુલ ગાંધીની રાષ્ટ્રીય નેતા તરીકેની વિશ્વસનિયતા પ્રત્યે પણ પક્ષે મજાક ઉડાવી હતી.

## ઓક્ટોબર મહિનાના પહેલા સપ્તાહ સુધીમાં ૧૦૦ કરોડ લોકોને વેક્સિન આપી દેવાનો ટાર્ગેટ

નવી દિલ્હી , તા.૧૮

ભારત સરકારને સીરમ તરફથી કુલ ૨૦ કરોડ કોવિશીલ્ડ વેક્સિન મળવા જઈ રહી છે અને ભારત બાયોટેક પણ ૩.૫ કરોડ વેક્સિન સપ્લાય કરવાની તૈયારી કરી રહ્યું છે. તેવામાં આગામી દિવસોમાં વેક્સિન સંકટ વધુ ઘટી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ પર ભારતમાં કોરોના વેક્સિનેશન મામલે અનેક રેકોર્ડ સ્થાપિત થયા છે.

પહેલી વખત દેશમાં એક જ દિવસમાં ૨.૫૦ કરોડ કરતા પણ વધારે લોકોને વેક્સિન આપવામાં આવી છે. તેવામાં હવે વેક્સિનેશનના કામમાં ગતિ આવી છે અને ઓક્ટોબર મહિનાના પહેલા સપ્તાહ સુધીમાં ૧૦૦ કરોડ લોકોને વેક્સિન આપી દેવાનો ટાર્ગેટ છે. વેક્સિનેશન અભિયાન અને દેશનું રાજકારણ સીધી રીતે જોડાયેલું છે. એવું કહેવાય છે કે, જે રાજ્યોમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યાં ૧૦૦ ટકા વેક્સિનેશન માટે જોર આપવામાં આવી રહ્યું છે. આ રાજ્યોમાં ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ અને ગોવાનો સમાવેશ થાય છે.

આ રાજ્યોમાં કેન્દ્ર ઝડપથી સંપૂર્ણ વસ્તીને કોરોના વેક્સિન આપવા માગે છે. તેનું કારણ ખૂબ જ સરળ છે- કોરોનાનો અંત નથી આવ્યો પરંતુ લોકશાહીના સૌથી મોટા પર્વ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સીગનું પાલન પડકાર બની શકે છે. ચૂંટણીવાળા રાજ્યો સિવાય દક્ષિણ ભારતના કેરળ અને કર્ણાટકમાં પણ વેક્સિનેશન ઝડપી બનાવવા જોર આપવામાં આવી રહ્યું છે. ત્યાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે માટે વેક્સિન કવચ દ્વારા મહામારીને રોકવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ટૂંક સમયમાં જ ભારતમાં વેક્સિનેશન અભિયાનની ગતિમાં વધારો થશે કારણ કે, જલ્દી જ વિશ્વની પ્રથમ ડીએનએ વેક્સિન Zydus Cadila ઉપલબ્ધ થવા જઈ રહી છે. જાણવા મળ્યા મુજબ આ મહિનાના અંત સુધીમાં દેશને એક કરોડ વેક્સિન ઉપલબ્ધ થઈ જશે. ખાસ વાત એ છે કે, તે વેક્સિન બાળકોને પણ આપી શકાશે, જોકે સરકારે હજુ તે અંગે કોઈ નિર્ણય નથી લીધો.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

BM MAGIC WATERPROOFING

9624163945(M)

8690089211(W)

● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.

● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

### ગામડાના લોકોને એટીએમથી મળી જશે દવા

આવતા મહિનાથી છત્ત્ઠ ગ્રામીણ ઉદ્યોગસાહસિકો માટે તબીબી સાધનો ચલાવવા માટે વિશાખાપટ્ટનમમાં તાલીમ કાર્યક્રમ ચલાવવા જઈ રહ્યું છે. આ ગ્રામીણ સાહસિકોને દવાઓ સાથે એટીએમ મશીનો ચલાવવાની તાલીમ આપવામાં આવશે. એક બેચમાં ૧૦૦ ગ્રામીણ સાહસિકોને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવશે અને તેમને આર્થિક સહાય પણ આપવામાં આવશે. દવા મશીનની સાથે કેન્દ્રનમાં પાણીની શુદ્ધતા પણ તપાસવામાં આવશે જેથી ગ્રામજનોને પાણીજન્ય રોગોથી વાકેફ કરવામાં આવે અને તેમને પાણીની સ્વનચ્છદતા અંગે જાગૃત કરી શકાય. ત્યાગીએ કહ્યું કે સંજીવની કેન્દ્રઅ દ્વારા ગ્રામ્યએ સ્તવરે આરોગ્યાસંભાળનું ઉપયોગી વાતાવરણ ઊભું કરવાનું છે.અંતરિયાળ વિસ્તારોમાં રહેતા અને દૂરસુદૂરના ગામડાઓમાં વસતા ગ્રામિણ ભારતીયો માટે હવે ૨૪ કલાક દવાઓ ઉપલબ્ધમ થશે. તેમને બસ હવે બ્લોકમાં લાગેલા દવાના મશીન સુધી પહોંચવાનું રહેશે. દેશમાં તમામ ૬ હજાર બ્લોગકમાં આવી એટીએમ મશીન લગાવાની શરૂઆત થઈ રહી છે. શુક્રવારે આઈટી મંત્રાલય અંતર્ગત કામ કરતી કોમન સર્વિસ સેન્ટેર આ કામ માટે આંધ્ર પ્રદેશ સરકારી એએમટીજેડ નામની કંપની સાથે કરાર પણ કર્યો છે. સીએમસસીના પહેલાથી બ્લૉક સ્તનર પર અચુર સંજીવની કેન્દ્રા ચલાવી રહ્યુ છે. દવા આપતા એટીએમ તેમને ધ્યાીનમાં રાખીને જ કેન્દ્રો પર લગાવામાં આવશે. આ કેન્દ્રોટ પર ગર્ભધારણ, કોરોના ટેસ્ટક જેવી કેટલાય મેડીકલ ઉપકરણો રાખવામાં આવશે. તેમના સંચાલન માટે સીએસસીના ગ્રામિણ ઉદ્યમીઓને આગામી મહિનાથી ટ્રેનિંગ આપવામાં આવશે. સીએસસી દ્વારા ગામોમાં ઓક્સિગજન સિલિન્ડ ર અથવા કોન્સઉન્ટ્રેંટર આપવામાં આવશે. તેને નજીવું ભાડું ચૂકવીને ઉપયોગ કરી શકાય છે. વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના અંત સુધીમાં તમામ બ્લોકકમાં ડ્રગ એટીએમ લગાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો। છે. સીએસસી એસપીવીના એમડી દિનેશ ત્યાાગીએ કહ્યું કે ગ્રામજનો પહેલેથી જ સીએસસીના સંજીવની કેન્દ્ર માં વર્ચ્યુઅલ રીતે ડોક્ટીરની સલાહ લેવાનું કામ કરી રહ્યા છે. આ ડોકટરો તેમને દવા પણ લખી આપે છે. દવાની પ્રિસ્કિર્પ્શદન પણ વર્ચ્યુઅલ રીતે બનાવવામાં આવે છે. પરંતુ ગ્રામજનોએ કાં તો શહેરમાં જવું પડે અથવા કોઈને દવા મોકલવા મોકલવી પડે જેમાં સમય લાગે છે. પરંતુ હવે તમામ બ્લૉકમાં એટીએમ ડિસ્પેન્સિંનગ દવા આપવાની સુવિધાને કારણે તેમને દવા તરત જ મળી જશે. એટીએમ મશીનમાં ડોક્ટણરની સ્લિમપ નાખવામાં આવશે અને તે મુજબ મશીનમાંથી દવા બહાર આવશે. ઈ-કોમર્સ કંપનીઓ મશીનમાં દવા સપ્લાાય કરશે. મોટાભાગની સામાન્યસ દવાઓ દવા સાથે એટીએમ મશીનમાં રાખવામાં આવશે. આ ઉપરાંત, કેન્દ્રવમાં વિવિધ પ્રકારના પરીક્ષણ સાધનો માટેની સુવિધાઓ પણ હશે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૯૧૮ અને ચાંદીમાં રૂ.૩,૦૮૧નો સાપ્તાહિક ધોરણે કડાકો

### ક્રૂડ તેલમાં ઉછાળોઃ કપાસ, કોટન, મેન્થા તેલ, સીપીઓમાં સાર્વત્રિક નરમાઈનો માહોલઃ રબરમાં સુધારોઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૫૦૩ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૫૬૧ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૦ થી ૧૬ સપ્ટેમ્બરના સપ્તાહ દરમિયાન ૨૦,૬૬,૫૫૦ સોદાઓમાં કુલ રૂ.૧,૭૨,૯૮૭.૨૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદામાં ૧૦ ગ્રામદીઠ રૂ.૯૧૮ અને ચાંદીના વાયદામાં કિલોદીઠ રૂ.૩,૦૮૧નો કડાકો બોલાઈ ગયો હતો. નિકલ સિવાયની તમામ બિનલોહ ધાતુઓ વધીને બંધ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસમાં ઉછાળો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, મેન્થા તેલ અને સીપીઓના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો, જ્યારે રબરમાં સુધારો ભાવમાં થયો હતો. સપ્તાહ દરમિયાન બુધવારે કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩,૨૫૦ કરોડનું ઉચ્ચતમ નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. આ સાથે જ ક્રૂડ તેલના ઓપ્શન્સમાં રૂ.૧૨,૧૨૩ કરોડનું રેકોર્ડ નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના વાયદામાં ૫૦૩ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના વાયદામાં ૫૬૧ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર સોના-ચાંદીમાં ૭,૭૯,૬૭૫ સોદાઓમાં કુલ રૂ.૪૪,૯૭૫.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૪૬,૯૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૭,૩૨૦ અને નીચામાં રૂ.૪૫,૮૧૨ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૯૧૮ ઘટી રૂ.૪૬,૦૭૬ના ભાવે બંધ થયો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૪૪ ઘટી રૂ.૩૭,૨૧૮ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮૧ ઘટી રૂ.૪,૬૨૦ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૩,૯૯૨ સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૪,૨૦૬ અને નીચામાં રૂ.૬૦,૫૦૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૩,૦૮૧ ઘટી રૂ.૬૧,૦૭૭ બંધ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩,૦૫૫ ઘટી રૂ.૬૧,૩૪૬ અને ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩,૦૫૭ ઘટી રૂ.૬૧,૩૪૦ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં એમસીએક્સ ખાતે ૧,૫૨,૦૯૭ સોદાઓમાં રૂ.૨૭,૯૫૦.૩૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૧૦ વધી રૂ.૨૨૮.૩૦ અને જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૨૫ વધી રૂ.૨૫૪ના ભાવે બંધ થયો હતો. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪.૬૫ વધી રૂ.૭૨૧.૮૫ અને નિકલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫૧.૭ ઘટી રૂ.૧,૪૭૦.૩૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૧૮૭ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં એમસીએક્સ ખાતે ૫,૮૦,૬૩૨ સોદાઓમાં કુલ રૂ.૪૮,૭૯૬.૩૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૫,૦૯૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫,૩૭૬ અને નીચામાં રૂ.૫,૦૮૭ સુધી જઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૩૫૫ વધી રૂ.૫,૩૫૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦ વધી રૂ.૩૮૯.૫૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં એમસીએક્સ ખાતે ૯,૪૮૪ સોદાઓમાં રૂ.૧,૩૬૩.૧૯ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૧,૪૧૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૪૧૪ અને નીચામાં રૂ.૧૩૫૫ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૧.૫૦ ઘટી રૂ.૧,૩૮૮.૫૦ બંધ થયો હતો. આ સામે રબર સપ્ટેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૨૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૭,૩૭૫ અને નીચામાં રૂ.૧૬,૯૫૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૮ વધી રૂ.૧૭,૩૧૨ના ભાવે બંધ થયો હતો. સીપીઓ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૩૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૪૧.૮૦ અને નીચામાં રૂ.૧૧૦૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૦.૬૦ ઘટી રૂ.૧૧૨૪.૯૦ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૧૦ ઘટી રૂ.૯૫૯.૧૦ અને કોટન ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૬૦ ઘટી રૂ.૨૫,૬૧૦બંધ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૫૧,૮૭૮ સોદાઓમાં રૂ.૨૨,૫૪૦.૩૭ કરોડનાં ૪૮,૧૫૧.૩૦૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૬,૨૭,૭૯૭ સોદાઓમાં કુલ રૂ.૨૨,૪૩૫.૪૧ કરોડનાં ૩,૫૬૫.૯૨૯ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૩,૫૬૦.૨૫ કરોડનાં ૧,૫૫,૬૧૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨,૮૮૫.૯૪ કરોડનાં ૧,૧૩,૯૭૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૧,૭૫૪.૬૯ કરોડનાં ૧,૬૧,૧૧૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૮,૬૪૩.૨૫ કરોડનાં ૫૭,૬૮૧૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૧૦૬.૨૪ કરોડનાં ૫૮,૯૫૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧,૪૩,૯૮૯ સોદાઓમાં રૂ.૧૧,૬૭૫ કરોડનાં ૨,૨૩,૨૨,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૪,૩૬,૬૪૩ સોદાઓમાં રૂ.૩૭,૧૨૧.૩૮ કરોડનાં ૯૫,૦૨,૭૭,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧૮ સોદાઓમાં રૂ.૦.૮૧ કરોડનાં ૧૧૬ ટન અને કોટનના વાયદાઓમાં ૯૫૩ સોદાઓમાં રૂ.૭૬.૩૭ કરોડનાં ૨૯૮૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૯૫૦ સોદાઓમાં રૂ.૪૧.૦૭ કરોડનાં ૪૨૫.૫૨ ટન, રબરના વાયદાઓમાં ૧૨૧ સોદાઓમાં રૂ.૨.૧૪ કરોડનાં ૧૨૫ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૭,૪૪૨ સોદાઓમાં રૂ.૧,૨૪૨.૮૦ કરોડનાં ૧,૧૧,૭૭૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ ખાતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૫૨૦.૩૭૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૦૨.૮૧૧ ટન, એલ્યુમિનિયમમાં ૧૫,૪૮૫ ટન, જસત વાયદામાં ૮,૧૩૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૦,૪૮૭.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૨,૭૯૬૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૭,૯૯૦ ટન, ક્રૂડ તેલમાં ૫,૯૭,૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૫૭,૪૩,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૫૬ ટન, કોટનમાં ૫૩૩૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૧.૬૮ ટન, રબરમાં ૭૮ ટન, સીપીઓમાં ૮૧,૭૮૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧૯,૧૬૮ સોદાઓમાં રૂ.૧,૫૮૫.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૯,૫૧૫ સોદાઓમાં રૂ.૭૩૪.૩૦ કરોડનાં ૧૦,૪૫૭ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯,૬૫૩ સોદાઓમાં રૂ.૮૫૦.૮૨ કરોડનાં ૧૦,૪૮૦ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૨,૯૭૩ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૦૯ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૪,૨૧૪ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૨૧૪ અને નીચામાં ૧૩,૭૧૧ના સ્તરને સ્પર્શી, ૫૦૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૭૩ પોઈન્ટ ઘટી ૧૩,૭૮૩ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૬,૩૫૦ના સ્તરે ખૂલી, ૫૬૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૮૦ પોઈન્ટ ઘટી ૧૬,૦૭૧ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, એમસીએક્સ ખાતે કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૫,૨૫,૪૯૩ સોદાઓમાં રૂ.૪૮,૩૧૬.૩૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૧૦૮.૦૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૪૦.૪૨ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૧,૭૫૬.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

### ગુજરાતમાં રાજકારણમાં બદલાવ અને સીએમને બદલી દેતા

# મોદી છે તો શક્ય છે : શિવસેનાનો કટાક્ષ

નવી દિલ્હી , તા.૧૮

વડાપ્રધાન મોદીનો ચહેરો નહીં હોય તો ભાજપના વર્તમાન અનેક નાચનારા મહોરા નગર પાલિકાની ચૂંટણીમાં પણ પરાજિત થઈ જશે. મોદીને પોતાની આ શક્તિની જાણકારી હોવાના કારણે તેમણે ૨૦૨૪ની તૈયારી માટે સાહસી પગલા ભરવાનું શરૂ કરી દીધું છે. મોદી-નડ્ડાની જોડીએ ૩ રાજ્યના મુખ્યમંત્રીઓ બદલી નાખ્યા. ગુજરાતમાં તો આખી જમીન ખોદીને સડેલા નિંદણને મૂળમાંથી ઉખાડી ફેંક્યા. મધ્ય પ્રદેશ, હિમાચલ, હરિયાણાના મુખ્યમંત્રી પર મોદી-નડ્ડાની તીક્ષ્ણ નજર છે. મોદીએ ગુજરાતમાં બધું જ બદલી નાખ્યું. પાર્ટીને આ ભયમાંથી બહાર આવતા સમય લાગશે અને સરકાર રહિત પ્રદેશોમાં પણ આ પ્રયોગ થઈ શકે છે. 'મોદી છે તો શક્ય છે' અહીં આટલું જ...શિવસેનાએ પોતાના સામના મુખપત્ર દ્વારા ભારતીય જનતા પાર્ટીને લઈ કટાક્ષ કર્યો છે. સામનામાં છપાયેલા લેખમાં કહેવામાં આવ્યું છે કે, જેપી નડ્ડાને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા ત્યારથી પાર્ટીમાં સતત ફેરફારો થઈ રહ્યા છે. વડાપ્રધાન મોદીના મનમાં જે છે તે બધું જેપી નડ્ડાના માધ્યમથી સાકાર કરાવાઈ રહ્યું છે. નડ્ડા દ્વારા ઉત્તરાખંડ અને કર્ણાટકના મુખ્યમંત્રી બદલવામાં આવ્યા. ગુજરાતના મુખ્યમંત્રી પણ એક ઝાટકામાં બદલી નાખવામાં આવ્યા. ત્યાં તો આખા મંત્રીમંડળનું નવીનીકરણ કરી દેવામાં આવ્યું. પીએમ મોદી રાષ્ટ્રીય રાજકારણના સૂત્રધાર બન્યા તે સાથે જ તેમણે પાર્ટીના અનેક જૂના-પ્રસિદ્ધ નેતાઓને દૂર કરીને માર્ગદર્શક મંડળમાં નાખી દીધા. મતલબ કે, આ માર્ગદર્શક મંડળ જરૂરિયાત માટે નહી પરંતુ ઉપકાર માટે રાખવામાં આવ્યું. અડવાણી, મુરલી મનોહર જોશી પણ આ માર્ગદર્શક મંડળમાં જ બેઠા છે. ગઈકાલની કેન્દ્રીય મંત્રી મંડળની બેઠકમાં પુનર્ગઠનમાં અનેક જૂના લોકોને મોદીએ ઘરનો રસ્તો બતાવીને નવા લોકોને સ્થાન આપ્યું. રવિશંકર પ્રસાદ, પ્રકાશ જાવડેકર પર પણ મંત્રી પદ ગુમાવવાની નોબત આવી. મોદીએ ૨૦૨૪ની સાર્વજનિક ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે અને તે કામની કમાન પોતાના પાસે રાખવાનો નિર્ણય લીધો છે. દેશમાં બધું મળીને અસમંજસની સ્થિતિ છે. મોદી-નડ્ડા માટે આ સમજવાનો સમય આવ્યો અને એટલા માટે જ તેમણે ગુજરાતથી લઈને ઉત્તરાખંડ સુધી સ્વચ્છતા અભિયાન હાથમાં લેવું પડ્યું. છેલ્લા થોડા મહિનાઓમાં એક આસામ છોડીને બંગાળ, તમિલનાડુ, કેરળમાં ભાજપે પરાજયનો સામનો કરવો પડ્યો. બંગાળમાં તો અમિત શાહે સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. કેરળમાં ઈ.શ્રીધરન જેવા મોહરાઓને કામ પર લગાવવામાં આવ્યા હતા. અમિત શાહ કોઈ પણ ચમત્કાર કરી શકે છે તેવું પ્રચાર અભિયાન ચલાવવામાં આવ્યું હતું. પરંતુ અમિત શાહના સમયમાં મહારાષ્ટ્રમાં ૨૫ વર્ષ જુની ભાજપા-શિવસેના યુતિ ખંડિત થઈ ગઈ અને ભાજપે હવે વિપક્ષમાં બેસવું પડ્યું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પહેલી જ વખત ધારાસભ્ય બનનારા નેતા છે પરંતુ હવે મોદી-નડ્ડાએ એવો ઝાટકો આપ્યો છે કે, રાજકારણમાં કશું જ અશક્ય નથી. રૂપાણીના મંત્રીમંડળમાં સામેલ તમામ મંત્રીઓને મોદી અને નડ્ડાએ ઘરે બેસાડી દીધા છે. જે ૨૪ મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા છે તે સૌ પ્રથમ વખત જ મંત્રી બન્યા છે. નીતિન પટેલ સહિતના તમામ જૂના-પ્રસિદ્ધ લોકોને કાઢીને મોદી અને નડ્ડા ગુજરાતમાં નવો દાવ રમ્યા છે. રાજેન્દ્ર ત્રિવેદી વિધાનસભાના અધ્યક્ષ હતા તેમને હટાવીને મંત્રી બનાવી દેવામાં આવ્યા. રૂપાણી પાછળ અમિત શાહનું સમર્થન હતું પરંતુ તેમના સમગ્ર મંત્રીમંડળને ઘરને રસ્તો બતાવીને મોદી-નડ્ડાની જોડીએ પોતાની પાર્ટીને એક જોરદાર રાજકીય સંદેશો આપ્યો છે. નીતિન પટેલ પોતાને 'હેવી વેઈટ' સમજતા હતા અને તેઓ મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદાર હતા. રૂપાણીને કિનારે કરી દેવામાં આવ્યા ત્યારે પણ તેઓ મુખ્યમંત્રી પદના દાવેદાર હતા. ગુજરાતમાં તેઓ પાટીદાર સમાજના મહત્વપૂર્ણ નેતા છે અને પાટીદાર સમાજમાં તેમનું વજન છે. ગુજરાતમાં પાટીદાર સમાજનું મોટું આંદોલન થયું ત્યારથી તે સમાજ વિચલિત છે. આગામી વિધાનસભા ચૂંટણીમાં આ અસંતોષનો ઝાટકો લાગશે અને ગુજરાતમાં ભાજપનો ફજેતો થશે. આવું અનુમાન લાગતા જ પહેલા રૂપાણીને તેમના આખા મંત્રીમંડળ સાથે ઘરે મોકલી દેવામાં આવ્યા પરંતુ નેતૃત્વને સંપૂર્ણપણે બદલતી વખતે પાટીદાર સમાજના નેતા નીતિન પટેલને પણ દૂર કરી દેવાયા. નવા મંત્રીમંડળમાં પટેલ મુખ્યમંત્રીની સાથે ૧૪ મંત્રી પાટીદાર સમાજ અને ઓબીસી સમાજના છે. આ સાહસનું કામ કહેવાય અને પીએમ મોદી જ પોતાની પાર્ટીમાં આવું સાહસી પગલું ભરી શકે. મોદી હવે ૭૦ વર્ષના થઈ ગયા છે માટે જ તેમના પગલા વધારે દમદાર ઢંગથી વધી રહ્યા છે અને રસ્તાના કાંટા તેઓ પોતે જ સાફ કરી રહ્યા છે.

### એક જ દિવસમાં ૨.૫૦ કરોડથી વધુ ડોઝ અપાયા

નવી દિલ્હી , તા.૧૮

ભાજપે પણ પોતાના તમામ યુનિટોને મોટા પ્રમાણમાં લોકોને રસીકરણ કેન્દ્રો સુાૃધી લઇ જવાની અપીલ કરી હતી. આ સાાૃથે જ દેશમાં અત્યાર સુાૃધી કુલ અપાયેલા ડોઝની સંખ્યા ૭૮.૬૮ કરોડ થઇ ગઇ છે. ઉલ્લેખનીય છે કે ૧૬ જાન્યુઆરીાૃથી દેશમાં રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.વડાપ્રાૃધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે આજે કોરોના વેક્સિનેશનનો નવો વિક્રમ રચાયો છે. શુક્રવાર સાંજે પાચ વાગ્યા સુાૃધીમાં જ બે કરોડ લોકોને વેક્સિન આપી દેવામાં આવી હતી. ભાજપે મોદીના જન્મ દિવસે વેક્સિનેશનનો બે ગણો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. કો-વિન પોર્ટલના ડેટા અનુસાર રાત્રે ૧૧.૩૦ વાગ્યા સુાૃધીમાં ૨.૫૦ કરોડાૃથી વધુ વેક્સિનના ડોઝ આપી દેવામાં આવ્યા હતાં.

છેલ્લા એક મહિનાાૃથી ઓછા સમયગાળામા ચોથી વખત એક જ દિવસમાં એક કરોડાૃથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. આરોગ્ય પ્રાૃધાન મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે આજે અપાયેલા એક કરોડ ડોઝની ઝડપ અત્યાર સુાૃધીની સૌથી વધારે હતી. તેમણે ટ્વિટર પર જણાવ્યું હતું કે વડાપ્રાૃધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે બપોરે ૧.૩૦ વાગ્યા સુાૃધીમાં જ કોરોના વેક્સિનના એક કરોડાથી વધારે ડોઝ આપી દેવામાં આવ્યા હતાં. જે અત્યાર સુધીની સૌથી વધુ ઝડપ છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ ૬ સપ્ટેમ્બર, ૩૧ ઓગસ્ટ અને ૨૭ ઓગસ્ટના રોજ એક કરોડાૃથી વધુ ડોઝ આપવામાં આવ્યા હતાં.

### "મારે કલેક્ટર બનવુ છે".....અને ફ્લોરા એક દિવસ માટે કલેક્ટર બની...

# ૧૧ વર્ષની બ્રેઇન ટ્યુમરથી પીડાતી ફ્લોરાની અદમ્ય ઇચ્છાને અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેએ પૂર્ણ કરી- વહીવટી તંત્રની અત્યંત સંવેદનશીલ પહેલ

'મારી ૧૧ વર્ષની દિકરી ફ્લોરા ધોરણ ૭માં અભ્યાસ કરી રહી છે. ભણી-ગણીને કલેક્ટર બનવાનું તેનું સ્વપ્ન છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી તે બિમાર છે. ડોક્ટરે કીધું છે કે તેને બ્રેઈન ટ્યુમર છે. જેથી અમે બધા ખૂબ જ ચિંતીત છીએ. ચિંતા તેના સ્વપ્નને પૂર્ણ કરવાની પણ છે કે હવે તે ક્યારેય કલેક્ટર બની શકશે ? શું ક્યારેય મારી દિકરી ફ્લોરાનું કલેક્ટર બનવાનું સ્વપ્ન પૂર્ણ થશે ખરૂ ?...' અને ફ્લોરા એક દિવસ માટે કલેક્ટર બની... અમારુ આખુ પરિવાર આજે અત્યંત ખુશ છે.



આ શબ્દો છે ફ્લોરાની માતા સોનલબેન આસોડિયાના. ફ્લોરાની કલેક્ટર બનવાની અદમ્ય ઈચ્છાની જ્યારે અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેને જાણ થઈ ત્યારે તેમણે ફ્લોરા પ્રત્યે સંવેદનશીલતા દાખવીને ક્ષણભર પણ વિલંબ કર્યા વિના તેને એક દિવસ માટે કલેક્ટર બનાવવાની વાત સ્વીકારી. આજે ફ્લોરા તથા તેના આખા પરિવારે જિલ્લા કલેક્ટર કચેરીમાં એક દિવસ માટે ફ્લોરાના કલેક્ટર બનવાના સ્વપ્નને સાકાર થતા જોયુ. સરગાસણમાં રહેતી ફ્લોરાને જિલ્લા કલેક્ટરશ્રીની ગાડીમાં અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરીમાં લાવવામાં આવી હતી. જ્યાં દરવાજે તેને ગાર્ડ ઓફ ઓનર અપાયું.ત્યાંથી ફ્લોરાને સીધી જ જિલ્લા કલેક્ટરશ્રીની ચેમ્બરમાં લઈ જવાઈ. જિલ્લા કલેક્ટરશ્રીએ સ્વયં ફ્લોરાને કલેક્ટરશ્રીની ખુરશી પર બેસાડીને ફ્લોરાની ઈચ્છાપૂર્તિ કરી. ફ્લોરાના ચહેરા પર પણ સ્મિત રેલાયુ હતુ. જિલ્લા કલેક્ટરશ્રી સંદીપ સાગલેએ આ સંવેદનાપુર્ણ ઘટના વર્ણવતા કહ્યું હતું કે, ' ફ્લોરા છેલ્લા સાત માસથી બ્રેઈન ટ્યુમરથી પીડાય છે, નાનપણથી જ ભણવામાં તેજસ્વી એવી ફ્લોરાને કલેક્ટર બનવાની અદમ્ય ઈચ્છા છે.. મેક અ વીશ ફાઉન્ડેશન દ્વારા મને જાણ થઈ કે આ દીકરી બ્રેઈન ટ્યુમરથી પીડાય છે, અને તેને કલેક્ટર બનવાની બહુ ઈચ્છા છે. મેં પળનો પણ વિલંબ કર્યા વિના મારા અધિકારીઓને તેના ઘરે મોકલીને ફ્લોરાની આ ઈચ્છા પુર્ણ કરવાની તૈયારી બતાવી..દીકરીની નાજૂક તબિયતના પગલે તેના માતા પિતા થોડી અવઢવમાં હતા.તેમના પરિવારજનો કદાચ મારી સામે આ રજૂઆત કરવામાં સંકોચ અનુભવી રહ્યા હતા. પણ મેં કહ્યું કે, આખુ જિલ્લા વહીવટી તંત્ર તૈયાર છે બસ તેને એક દિવસ કલેક્ટર કચેરીમાં લાવો. તેના માતા પિતા તૈયાર થયા અને તેમના સહયોગ અને ઈચ્છાથી ફ્લોરાને એક દિવસ માટે કલેક્ટર બનાવી શકાઈ.જિલ્લાના વડા તરીકે આ દીકરીની ઈચ્છા સાકાર કરવાનો મને અવસર મળ્યો તે મારા માટે ગૌરવની વાત છે...' એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા વહીવટી તંત્રએ ફ્લોરાના પરિવાર પાસેથી ફ્લોરાની ઈચ્છા જાણીને તેને એક ટેબ્લેટ, બાર્બી ગર્લ સેટ તંત્ર દ્વારા અપાયો હતો. આ ઉપરાંત કલેક્ટરશ્રીની ચેમ્બરમાંજ ફ્લોરાના જન્મદિવસને નિમિત્ત બનાવીને કેક પણ કાપવામાં આવી હતી.


ફ્લોરાના માતા સોનલબેન તથા અપૂર્વભાઈ આસોડીયાએ કહ્યું હતું કે, ''અમારી દીકરી નાનપણથી ભણવામાં હોંશિયાર હતી. એ સદાય કહેતી કે 'મારે તમને કંઈક કરી બતાવવું છે..સારી જિંદગી આપવી છે...' જો કે બ્રેઈન ટ્યુમરની બીમારી જણાતા અમે પણ ખુબ નાસીપાસ થઈ ગયા હતા... પણ મેક વીશ ફાઉન્ડેશને જિલ્લા કલેક્ટરશ્રીનો સંપર્ક કર્યો, અને સાગલે સાહેબે પણ ક્ષણનોય વિલંબ કર્યા વિના અમારી દીકરીને કલેક્ટર બનાવી, એટલું જ નહી તેને ગાડીમાં લાવ્યા, ખુરશી પર બેસાડી તેના હાથે સરકારી યોજનાના લાભ પણ અપાવ્યા..અમે વાલી તરીકે જિલ્લા કલેક્ટરશ્રીની આ સંવેદના અને આ અભિગમ જિંદગી ભર નહી ભૂલીએ...' એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે એક દિવસીય કલેક્ટર ફ્લોરા દ્વારા 'વ્હાલી દીકરી યોજના' તથા 'વિધવા સહાય યોજના' અંતર્ગત લાભાર્થિઓને લાભ પણ વિતરિત કરાયા હતા.

બાળપણથી જ કલેક્ટર બનવાનું સ્વપ્ન લઈને જીવતી ફ્લોરાનું આ સ્વપન્ પૂર્ણ થતા ફ્લોરાના જીવનમાં નવઉર્જાનું સર્જન થયું છે. હવે તે પહેલા કરતા પણ વધુ જુસ્સા સાથે બ્રેઈન ટ્યુમર સામેની લડત લડવા સજ્જ થઈ છે. તેના પરિવારને પૂર્ણ વિશ્વાસ છે કે તે આ જીવલેણ રોગને હરાવીને કાયમી કલેક્ટર બનીને પ્રજાજનોની સેવા કરવા સક્ષમ બનશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદની એક સેવાભાવી સંસ્થા મેક અ વિશ ફાઉન્ડેશન દ્વારા ગંભીર અને જીવલેણ બિમારી થી પીડાતા અને જીવન અને મરણ વચ્ચે સંઘર્ષમય જીવન વ્યતિત કરતા બાળકોની ઈચ્છા પૂર્તિ કરવામાં આવે છે. તેમના દ્વારા બાળકોના સ્વપ્ન પૂર્ણ થાય, બાળક એક દિવસ અથવા કોઇ ચોક્કસ સમયગાળા માટે તે સ્વપ્નપૂર્તિ સાથે જીવી શકે તે માટેના અભ્યર્થ પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

મેક અ વિશ ફાઉન્ડેશનના અમદાવાદ યુનિટ દ્વારા કોરોના કાળમાં ૪૭૦ બાળકોની અને ૨૦૨૧ માં ૩૭૭ બાળકોની અદમ્ય ઈચ્છાઓ પૂર્ણ કરવામાં આવી છે. આ પ્રસંગે ફ્લોરાના પરિવારજનો, અધિક નિવાસી કલેક્ટર શ્રી પરિમલ પંડ્યા, અધિક નિવાસી નાયબ કલેકટરશ્રી યોગીરાજસિંહ ગોહિલ, દહેજ પ્રતિબંધક અધિકારી નિલેશ્વરીબા વાઘેલા અન્ય ઉચ્ચ અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ
વિષય :." શિક્ષક દિન રચનાઓ(૧૯-૯-૨૦૨૧)દિવસ - ૨

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

NOG SS NO 0037

વિષય- શિક્ષક દિન નિમિત્તે રચના.
વિભાગ - પદ્ય.
શીર્ષક - શિક્ષકને સમર્પિત.

સમાજનો સૌથી શાણો શિક્ષકએ,
શિરે, એમનાં રાષ્ટ્ર તણી જવાબદારી.
ઓળખાય માસ્તરના નામે એતો,
નામ તેવા ગુણ, કર્મ માના- સ્તરસુધી.
ઘડવા કાચી માટીનાં ઘડાં,
બનાવવા નર માંથી નારાયણ.
ભજવવાં પાત્રો અવનવાં સમય સંગ,
માર્ગ કઠણ, કોમળ મન રાખે સદા.
તપસ્વીનું તપ,હિમાલયની દ્રઢતાં,
નદી જેવો નિર્મળ, હૈયે હેત 'હેમના.'
સત્યનાં પ્રકાશથી, સ્નેહનનાં દિવેલથી,
પ્રગટાવવાં નાનાં બાળકોમાં જ્ઞાનદીપ.
સતત કરવાં પડતાં મનોમંથન સદા,
જ્ઞાનની સરિતા વહેતી રાખે સૌ માટે,
સર્વસ્વ અર્પી, મલકાય મૌન રહી.
શિષ્ય સ્થાન મેળવે ઊંચું એજ અપેક્ષા.
એક દિવસ નહીં,હર ક્ષણ અર્પણ કરું,
જીવન મારું જ્ઞાનથી દીપાવ્યું. હેમલતા દિવેચા. (હેમ )

---

NOG SS No : 0078

પ્રકાર - પદ્ય - ગઝલ
શીર્ષક - ખરો શિક્ષક

ઉબડખાબડ જીવન રસ્તો બન્યો મારો ખરો શિક્ષક;
અનુભવ રાહનો કડવો જ ઘડનારો ખરો શિક્ષક.
પ્રથમ ક્ષણથી શરૂ થઈ અંત તક રોજે મળે સૌને;
જીવનનો કોઈ નરસો પાઠ પણ સારો, ખરો શિક્ષક.
શીખવશે માત પા પા પગલી, કરશે લાડ પણ જ્યારે;
પડ્યો લાફો એ હાથે જે 'દિ એ પ્યારો ખરો શિક્ષક.
પડી ઊભા થતાં એ શીખવાડે, રાહ દોરે પણ;
વખત આવે પિતા લડશે બની તારો ખરો શિક્ષક.
નિભાવે દોસ્ત યારી, આવશે તકલીફમાં કિન્તુ;
જો "શ્વેતા" કોઈ ઘા દેશે એ પરબારો, ખરો શિક્ષક.
'કોઈ' - શ્લેષ

શ્વેતા તલાટી

---

NOG.SS No.0073

સાહિત્ય સરિતા
વિષય. શિક્ષકદિન
શીર્ષક..ગુરુજી.

શિક્ષક એટલે એવા ગુરુ જે તમને શિક્ષણની સાથે સાથે જીવનમાં ઉપયોગી એવા બધાજ જ્ઞાનની સમજ આપે પરંતુ આજના ટેકનોલોજીના જમાનામાં જે શિક્ષક વધારે ફી લઇ ભણાવે અથવા જે શાળામાં વધારે ફી લેવાય તેજ શિક્ષકને ઉત્તમ ગણવામાં આવે છે,આવી ભ્રમિત માહિતીથી આપણે સાચા ગુરુના સારા શિક્ષણ સુધી પોહચી શકતા નથી એ આપણી કમ નસીબીછે,આજના શિક્ષકદિને દરેક એવા ગુરુને પ્રણામ..જેમણે સાચા અર્થમાં શિક્ષક તરીકે પોતાનું જીવન વિદ્યાર્થીઓ માટે અર્પણ કર્યું છે.

નયના પટેલ.

---

NOG SS No.0007

વિષય :શિક્ષક દિન

મને શિક્ષકદિનની ઊજવણી સાંભળીને આશ્ચર્ય થાય કે જેમનાં થકી આપણે ગોવિંદને ઓળખ્યા, જેમનાં થકી આપણે જીવનનાં મૂલ્યો જાણી શક્યા,જેમનાં થકી આપણને જીવનનાં દરેક સમીકરણો ઊકેલતાં આવડ્યા; એ શિક્ષકો માટે માત્ર એક જ દિવસની ઊજવણી પૂરતી છે? અરે! એમનો ઉત્સવ તો ૩૬૫ દિવસ ઊજવાવો જોઈએ.કારણ એમનાં દ્વારા અપાયેલાં જ્ઞાનને લીધે આજે આપણું અસ્તિત્વ છે.એક શિક્ષક પાસે જ એવી કળા છે જે માટીને કંચનમાં બદલી શકે.કથીરને સોનામાં ફેરવી શકે.આપણાં જીવન માટે આપણે આપણાં માતાપિતાના ઋણી હોઈએ છીએ.પરંતુ એક સારાં વ્યક્તિત્વ માટે આપણે આપણાં શિક્ષકના ઋણી છીએ.કહેવાય છે ને કે સમય અને શિક્ષક બંને શીખવાડે છે.પરંતુ બંને વચ્ચે માત્ર એટલો જ તફાવત છે કે શિક્ષક શીખવાડીને પછી પરીક્ષા લે છે.જ્યારે સમય પરીક્ષા લઈને પછી શીખવાડે છે. પુસ્તકમાંની બારાખડી તો કોઈ પણ શીખવાડી શકે.પરંતુ એ બારાખડીના અક્ષરોને જોડી શબ્દો અને વાક્યો બનાવતાં તો શિક્ષકો જ શીખવી શકે.એ શબ્દોનો વાક્યોનો અર્થ એક શિક્ષક જ સમજાવી શકે.શિક્ષકો ઉત્તમ ફેસરીડર હોય છે.ક્લાસમાં ૭૦-૭૫ વિદ્યાર્થીઓ હોય , એમાંથી કયા વિદ્યાર્થીમાં કયો ગુણ છે અને કયો અવગુણ છે એ તરતજ પારખી જાય છે.જેમ હીરાઓને બજારમાં મૂકતાં પહેલાં એની તારવણી એટલે કે એસોર્ટેડ કરવામાં આવે તેમ શિક્ષકોની દ્રષ્ટિ પળભરમાં વિદ્યાર્થીઓની તારવણી કરી લેતી હોય છે અને એ પ્રમાણે જે તે વિદ્યાર્થીઓને એની કાબેલિયત અનુસાર તરાશતા હોય છે.એ સિવાય પણ પૃથ્વીથી સૂરજ વચ્ચેનું અંતર કેટલું છે એ તો શિક્ષક શીખવાડે,પરંતુ સાથે સાથે બેન્ચીસ પર બાજુમાં બેઠેલા નબળા વિદ્યાર્થીથી અંતર ન રાખવું એ પણ આ શિક્ષક શીખવાડે.ઈતિહાસના પાત્રોની ઓળખ પુસ્તકમાંના સિલેબસ પ્રમાણે કરાવે પરંતુ ઈતિહાસ કેમ રચવો એનું જ્ઞાન પણ આપે.દુનિયાની ભૂગોળ તો શિક્ષક શીખવાડે જ, પરંતુ આપણા શરીરની ભૂગોળ કેવી રીતે માપસર રાખવી એ પણ એક યોગ શિક્ષક જ શીખવે.આપણું □દય શરીરનું લોહી કેવી રીતે શુધ્ધ કરે છે એતો શિક્ષક શીખવાડે, પરંતુ એજ □દયથી આપણો આત્મા, આપણું જીવન કેવી રીતે શુધ્ધ રાખવું એ પણ એક શિક્ષક જ શીખવાડે.ગણિતના સમીકરણો ઊકેલતાં શીખવતાં શીખવતાં જીવનનાં સમીકરણો કેવી રીતે ઊકેલવા એનું જ્ઞાન પણ આપણને શિક્ષકો પાસેથી જ મળે છે.વિદ્યા વિનયથી શોભે છે.આ કહેવતમાંથી વિનયની સમજ પણ આપણને આ શિક્ષકો જ આપે છે.આ રીત આપણું આખું જીવન આ શિક્ષકો સાથે જોડાયેલું છે માટે જ શિક્ષક દિન માત્ર એક દિવસ નહીં પરંતુ રોજ જ ઊજવાવો જોઈએ.શ્ર?

લેખિકા : આરતી મરચંટ મુંબઈ : કાંદિવલી.

---

NOG SS No : 0001

પ્રકાર : ગદ્ય
શીર્ષક : શિક્ષક દિન

શિક્ષક દિન નિમિત્તે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના ૧૦ અણમોલ વિચાર.

- શિક્ષક એ નથી જે વિદ્યાર્થીના મગજમાં તથ્યોજને બળજબરીપૂર્વક ઠૂંસીને ભરે. પણ સાચો શિક્ષક એ જ હોય છે જે વિદ્યાર્થીને આવનારા પડકારો માટે તૈયાર કરે
- પુસ્તક એ સાધન છે જેના દ્વારા આપણે વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે પુલનુ નિર્માણ કરી શકીએ છીએ.
- પુસ્તક વાંચવાથી આપણને એકાંતમાં વિચાર કરવાની ટેવ અને સાચી ખુશી મળે છે.
- દુનિયાના બધા સંગઠન બિનપ્રભાવી થઈ જશે જ્યા સુધી આ સત્ય સૌને પ્રેરિત નહી કરે કે જ્ઞાન અજ્ઞાનથી શક્તિશાળી હોય છે
- શિક્ષણનુ પરિણામ એક મુક્ત રચનાત્મક વ્યક્તિ હોવો જોઈએ. જે ઐતિહસિક પરિસ્થિતિઓ અને પ્રાકૃતિક વિપદાઓ વિરુદ્ધ લડી શકે.
- જ્ઞાન આપણને શક્તિ આપે છે અને પ્રેમ આપણને પરિપૂર્ણતા આપે છે
- કોઈપણ આઝાદી ત્યા સુધી સાચી નથી હોતી, જ્યા સુધી તેને વિચારની આઝાદી પ્રાપ્ત ન થાય. કોઈપણ ધાર્મિક વિશ્વાસ કે રાજનીતિક સિદ્ધાંતને સત્યની શોધમાં અવરોધ ન આપવો જોઈએ.
- શિક્ષા દ્વારા જ માનવ મસ્તિષ્કનો સદ્દપયોગ કરી શકાય છે. તેથી વિશ્વને એક જ સંસ્થા માનીને શિક્ષાની વ્યવસ્થા કરવી જોઈએ.
- જો આપણે દુનિયાના ઈતિહાસને જોઈશુ તો સભ્યતાનુ નિર્માણ એ મહાન ઋષિયો અને વૈજ્ઞાનિકોના હાથે થયુ છે, જે પોતે વિચાર કરવાનુ સામર્થ્ય રાખે ચ હે. જે દેશ અને કાળની ઊંડાઈઓમાં પ્રવેશ કરે છે. તેમના રહસ્યોની શોધ કરે છે અને આ રીતે પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ વિશ્વ શ્રેય કે લોક-કલ્યાણ માટે કરે છે.
- ભગવાનની પૂજા નથી થતી પણ એ લોકોની પૂજા થાય છે જે તેમના નામ પર બોલવાનો દાવો કરે છે.

સંચાલક : પ્રદીપ રાવલ

# કોમોડિટી વાયદા બજારમાં સોદા કરવા માટે શું કરવું જોઈએ અને શું તકેદારી રાખવી જોઈએ : નૈમિષ ત્રિવેદી

આપણે જાણીએ જ છીએ કે કોમોડિટી માર્કેટમાં બે પ્રકારના બજારો હોય છે, એક તો હાજર બજાર અને વાયદા બજાર. સૌપ્રથમ જે લોકો કોમોડિટી બજારથી અજાણ છે તે લોકોને આ બજારો વિશે જણાવી દઈએ. પહેલાં હાજર બજાર વિશે સમજીએ તો તમે કોઈ જ્વેલર્સને ત્યાં જાવ કે મારે ચેઈન કે વીંટી લેવી છે તો તમને કહેશે કે તેના આટલા રૂપિયા થશે. તો તમે તેને પૈસા આપશો તે તમને ચેઈન કે વીંટી આપશે. જો તેની પાસે માલ તૈયાર નહી હોય તો તે કહેશે કે તમે બે-ત્રણ દિવસમાં લઈ જજો. આવી જ રીતે એક ખેડૂત તેનો પાક વેચવા માટે એપીએમસી માર્કેટ કે મંડીમાં જાય છે, ત્યાં તેને માલના પૈસા કેટલા મળશે તે કહેવામાં આવે છે. ત્યારે ખેડૂત માલ આપે છે અને સામેવાળી વ્યક્તિ તેને પૈસા આપે છે. આ બંને હાજર બજારના ઉદાહરણો છે.

એટલે કહેવાનો મતલબ એ છે કે હાજર બજાર એટલે પૈસા આપો અને તુરંત માલની ડિલિવરી થતી હોય અથવા તો થોડા દિવસમાં (૧૧ દિવસના અંદર) માલની ડિલિવરી થવાની હોય તેને હાજર બજાર અથવા સ્પોટ માર્કેટ અથવા ફિઝીકલ માર્કેટ અથવા કેશ માર્કેટ અથવા તો રોકડું બજાર પણ કહી શકાય છે.

બીજી બાજું વાયદા બજાર વિશે વાત કરીએ તો, એક એવા પ્રકારનું ઓનલાઈન બજાર જેમાં ભવિષ્યની તારીખનો સોદો તમે અત્યારથી જ કરી નાખો તેને વાયદો કહેવાય. વાયદા બજારમાં તમે ક્યાંયથી પણ સોદા કરતાં હોવ પરંતુ જે-તે કોમોડિટીના વાયદાના ભાવ દરેક જગ્યાએ એકસમાન જ હોય છે. સોનાનું જ ઉદાહરણ લઈએ તો હાજર બજારમાં તમે સોનું ખરીદવા જાવ તો મુંબઈમાં અલગ ભાવ હોય, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, દિલ્હી વગેરે અન્ય જગ્યાએ તમને અલગ ભાવ જોવા મળે છે. આટલું જ નહી બાજુ-બાજુમાં બે સોનીની શોપ્સમાં તમે ભાવ જુઓ તો પણ અલગ-અલગ હોઈ શકે છે, જ્યારે વાયદા બજાર પર ભાવ જે તમે એક્સચેન્જની વેબસાઈટ, મોબાઈલ એપ્લિકેશન કે તમે તમારા બ્રોકરને પૂછો તો એકસમાન જ મળશે. ભવિષ્યની તારીખના ભાવનો અંદાજ તમે ક્યાંય પણ બેઠા-બેઠા મેળવી શકો છો, દા.ત. કોઈ ખેડૂત ખેતરમાં હોય, ગામના ચોરે બેઠો હોય, કે ક્યાંય મંદિરમાં હોય કે બસમાં મુસાફરી કરતો હોય ત્યારે પણ તે પોતાના કપાસ કે કોટનના ભાવ જોઈ શકે છે અને તેને એમ લાગે કે કપાસ કે કોટનના ભાવ અત્યારે વધારે ચાલી રહ્યા છે તો તે ત્યાં બેઠાં-બેઠાં જ વાયદાનો સોદો કરી શકે છે. કોમોડિટી વાયદો એટલે કોઈ ચોક્કસ કોમોડિટીમાં ચોક્કસ ભાવે, નિશ્ચિત ક્વોન્ટિટી અને નિશ્ચિત ક્વોલિટીનો માલ ભવિષ્યની ચોક્કસ તારીખે ખરીદવા કે લેવા માટેનો એક કરાર કરવામાં આવે છે તેને વાયદાનો કોન્ટ્રેક્ટ્સ કહેવામાં આવે છે. વાયદાના કોન્ટ્રેક્ટ્સના સોદા એમસીએક્સ જેવા કોમોડિટી એક્સચેન્જો પર થતાં હોય છે.

કોમોડિટી વાયદાના કોન્ટ્રેક્ટને કોમોડિટી ડેરિવેટિવ્ઝ પણ કહેવામાં આવે છે. આ ડેરિવેટિવ્ઝ શબ્દ આવ્યો ક્યાંથી તે આપણે જોઈએ. ડેરિવેટિવ્ઝ એટલે કે ડિરાઈવ ફ્રોમ એટલે કે બીજામાંથી જેના ભાવ પ્રાપ્ત થતા હોય તેને ડેરિવેટિવ્ઝ કહી શકાય. દા.ત. ખાંડ છે તે શેરડીમાંથી બને છે. જો શેરડીના ભાવ વધે તો ખાંડના ભાવ વધે છે માટે ખાંડના ભાવ શેરડી પર આધારિત છે એટલે ખાંડને તમે ડેરિવેટિવ્ઝ કહી શકો છો. આવી જ રીતે વાયદા બજારમાં કોમોડિટી વાયદાના ભાવ કેવી રીતે નક્કી કરી શકાય તે જોઈએ.

કઈ કોમોડિટીના ભાવ ભવિષ્યની તારીખે કેટલા હશે તે કેવી રીતે અનુમાન લગાવી શકીએ. તો જણાવી દઉં કે અત્યારે સપ્ટેમ્બર મહિનો ચાલે છે અને સમજો નવેમ્બર મહિનામાં સોનાના વાયદાના ભાવ કેટલા થાશે તેનો અંદાજ બાંધવો હોય તો તમારે અત્યારે એટલે કે સપ્ટેમ્બર મહિનામાં હાજર બજારમાં સોનાનો શું ભાવ ચાલી રહ્યો છે તે તથા તેના પર રોકેલી મૂડીનું વ્યાજ અને તેને જાળવી રાખવાનો ખર્ચ આ બંને ને કોસ્ટ ઓફ કેરી કહેવામાં આવે છે, એટલે હાજર બજારમાં સોનાનો ભાવ કોસ્ટ ઓફ કેરી = વાયદા બજારનો ભાવ.

હાલમાં સપ્ટેમ્બર મહિનો ચાલી રહ્યો છે અને સમજો નવેમ્બર મહિનામાં તમારા ઘરે કોઈના લગ્ન આવવાના છે. અને સામાન્ય રીતે લગ્નગાળાની સિઝન આવે એટલે સોનાના ભાવ આસમાને ચડી જતા હોય છે. એટલે તમારી પાસે બે વિકલ્પ રહે છે. એક તો તમે અત્યારથી જ નીચા ભાવે સોનું ખરીદી લો, અથવા તો નવેમ્બર મહિનામાં ઊંચા ભાવે સોનું ખરીદો. જો નવેમ્બર મહિનામાં સોનું ખરીદો તો તમને ભાવ વધી જવાથી નુકસાન થાય છે, જ્યારે અત્યારથી સોનું ખરીદી લો તો એક તો તમારી મૂડી રોકાઈ જાય અને બીજું ઘરે રાખો તો ચોરી થવાનો ડર રહે માટે તમારે તેને કોઈ લોકરમાં રાખવું પડે, તો તેનો ખર્ચ પણ વધી જાય છે.

આની સામે જો તમે વાયદા બજાર પર સોનાનો મિની નવેમ્બર મહિનાનો કોન્ટ્રેક્ટ ખરીદો તો તમારે એક તો પૂરા પૈસા આપવા નથી પડતા. માત્ર સાતથી આઠ ટકા પ્રારંભિક માર્જિન અને ઈએલએમ ચુકવવાનું હોય છે અને બીજું આ સોદો ઓનલાઈન થતો હોવાથી અને તેની ડિલિવરી નવેમ્બર મહિનામાં મળવાની હોવાથી તેને રાખવાની પણ મૂંઝવણ રહેતી નથી. બીજું નવેમ્બર મહિનામાં સોનાના ભાવ વધી જાય તો પણ નુકસાન જતું નથી અથવા તો ઓછું થઈ જાય છે.

જે તમે વાયદા બજાર પર સોદા કરવા માગતા હોવ તો તમારે પહેલા તમારી નજીકમાં કોઈ સભ્ય બ્રોકર પસંદ કરવો પડશે. આ બ્રોકર એવો પસંદ કરવો જોઈએ કે જે એક્સચેન્જ અને સેબીમાં રજિસ્ટર્ડ થયેલો હોવો જોઈએ. આ સભ્ય એક્સચેન્જ પર રજિસ્ટર્ડ થયેલો છે કે નહી તે પ્રત્યેક એક્સચેન્જની વેબસાઈટ પર જોઈ શકાય છે. હવે તો અમુક બેંક્રો પણ કોમોડિટીમાં ટ્રેડિંગની સુવિધા આપે છે તો તમારું જ્યાં સેવિંગ્સ એકાઉન્ટ હોય ત્યાં પૂછપરછ કરી જુઓ કે તેઓ ટ્રેડિંગની સુવિધા આપે છે કે નહી. જો તમારી બેંક્ર આ સુવિધા આપતી હોય તો તમને તમારા પૈસા તમારા એકાઉન્ટમાંથી ટ્રાન્સફર કરવાનું સરળ બની જાશે. જો તમને બેંક્રની બ્રોકરેજ ફી વધારે લાગતી હોય તો તમે બહારના કોઈ એક્સચેન્જમાં રજિસ્ટર્ડ બ્રોકર પાસે ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવી શકો છો. બ્રોકર સ્તરે કેવાયસી એટલે કે નો યોર ક્લાયન્ટની વિગતો પૂરી પાડો એટલે કે તમારો ફોટો આઈડી, એડ્રેસ પ્રૂફ, પેનકાર્ડની વિગતો, બેંક્ર ડિટેઈલ્સ વગેરે આપવી ફરજિયાત હોય છે. ત્યારબાદ તમારી કેવાયસીની વિગતોની ચકાસણી થયા બાદ તમારું ટ્રેડિંગ એકાઉન્ટ ખૂલી જાશે.

અત્રે એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે ટ્રેડિંગ માટેની તમામ વિગતો તમારે જાણી લેવી જોઈએ, જેમ કે બ્રોકરેજ અને ટ્રાન્ઝેક્શન ચાર્જિસ, માર્જિન્સ, ટેક્સેશન અને સ્ટેમ્પ ડ્યૂટી, ડિફોલ્ટ પેનલ્ટીઝ અને આર્બિટ્રેશનની વિગતો અને માર્જિન્સની વિગતો બરાબર સમજી લો. એક્સચેન્જના નિયમો અને પેટા નિયમો ધ્યાનપૂર્વક વાંચી જાવ. લઘુત્તમ પ્રારંભિક માર્જિનની જરૂરિયાતની વ્યવસ્થા કરો અને માર્ક-ટુ-માર્જિન જરૂરિયાતો પર તમારી જાતને અપડેટ રાખો. કોમોડિટી વાયદા બજારમાં શું કરવું અને શું ન કરવું તેની વિગતો ધ્યાનપૂર્વક વાંચી લો. ત્યારબાદ તમને જે કોમોડિટીમાં ભાવનો અંદાજ વધારે બાંધી શકો છો એવી કોમોડિટી પસંદ કરો. તે કોમોડિટીના ભાવને અસરકરતાં પરિબળોનો અભ્યાસ કરો અને ત્યારબાદ તમે ટ્રેડિંગ કરશો તો તમને નુકસાન જવાનો ઓછો સંભવ રહેશે.

બીજી એક બાબત કેટલાંક બ્રોકરો તમને ઓછું માર્જિન ભરીને વધારે ટ્રેડ કરવાનું કહેતા હોય છે, પરંતુ આવું કરવાથી જો તમને નફો થતો હશે તો વાંધો નહી આવે પરંતુ જો નુકસાન જતું હશે ત્યારે તમારે માર્જિન મની ચુકવવા માટે તમારે નાકે દમ આવી જશે માટે કહેવાય છે ને કે જેટલી ચાદર એટલા જ પગ ફેલાવવા જોઈએ.

ટ્રેડિંગ કરતી વખતે તમારે જે-તે કોમોડિટીઝમાં તમે ટ્રેડ કરવાના હોવ કે કર્યો હોય તે કોમોડિટીના ભાવને અસરકરતાં પરિબળો પર ખાસ નજર રાખવી જોઈએ જેમ કે માંગ અને પુરવઠો, મોસમની સ્થિતિ, કોમોડિટીને લગતા સમાચારો, જિયો-પોલિટીકલ પરિબળો, આર્થિક પરિસ્થિતિ જે જીડીપી, વપરાશનો દર, ઉત્પાદનનો દર, માથાદીઠ આવક, રોજગારીનો દર, ફુગાવાનો દર વગેરે પરથી જાણી શકાય છે, આ ઉપરાંત કરન્સી એટલે કે જે-તે દેશનું ચલણ અને અમેરિકી ડોલર વચ્ચેની વધઘટ પણ ભાવને અસર કરતી હોય છે. વ્યાજના દરોમાં ફેરફાર પણ એક અગત્યનું પરિબળ છે. સરકારી પોલીસીઓ અને નિર્ણયો પણ ભાવને અસર કરતા હોય છે એટલે કે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી), જે-તે કોમોડિટીઝની આયાત-નિકાસ પર લાગુ પડતા ટેક્સ વગેરે ભાવને અસર કરતા હોય છે. બીજી એક સાવચેતી એ રાખવી જોઈએ કે તમારે જાતે જ કોમોડિટીનું સંશોધન કરીને ભાવ વધશે કે ઘટશે તેનો અંદાજ બાંધવો જોઈએ. કોઈની પાકી કહેવાતી ટિપ્સ કે અફવાઓ પર નિર્ભર રહેવું ન જોઈએ. આવી ટિપ્સથી તમને મોટું નુકસાન જવાનો સંભવ વધારે હોય છે. માટે સંભાળીને લે-વેચના નિર્ણયો લેવા જોઈએ.

વાયદા બજારમાં રોકડામાં ક્યાંય પણ વહેવાર થતો નથી એટલે તમારે કાં તો ઓનલાઈન ટ્રાન્સફર કરીને પૈસાની ચુકવણી કરવી જોઈએ અથવા તો તમારા બ્રોકરને ચેક દ્વારા પેમેન્ટની ચુકવણી કરવી જોઈએ. તમારે તમારા મોબાઈલ નંબર અને ઈ-મેલ તમારા પોતાના જ આપવા જોઈએ જેથી જ્યારે પણ તમે સોદો કરો કે તરત જ તમને અલર્ટ મળતું રહે, જેથી ફ્રોડથી બચી શકાય. તો મિત્રો આ તમામ બાબતોનું ધ્યાન રાખીને જો તમે સોદા કરશો તો તમે ફાયદામાં રહેશો.

## અરવલ્લી : વધુ એક કુખ્યાત બુટલેગર નરેશ ખરાડીને ભિલોડા પોલીસે દબોચી લઇ પાસા હેઠળ સુરતની લાજપોર જેલમાં ધકેલી દીધો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ બુટલેગરો સામે શસ્ત્ર કાર્યવાહી કરી રહી છે જીલ્લામાં લિસ્ટેડ બુટલેગરોને સતત ઝડપી પાડી જેલમાં ધકેલી રહી છે જીલ્લામાં કુખ્યાત બુટલેગરો સામે પાસાનું શસ્ત્ર ઉગામી કાબુમાં લેવા દોડાદોડી કરી રહી છે જીલ્લામાં દારૂની રેલમછેલ કરનાર બુટલેગરો એક પછી એક પોલીસ દબોચી લઈ જેલમાં ધકેલી દેતા જીલ્લામાં દારૂના વેપલા અને હેરાફેરીમાં મહદંશે પોલીસ સફળ રહી છે

અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી પોલીસે જ પોષીને મોટા કરેલા બુટલેગરો બેફામ બન્યા હતા અને પોલીસ પર જ હુમલો કરી ખાખી પર ભારે પડી રહ્યા છે ત્યારે એસપી સંજય ખરાતના આગમન પછી નાયબ પોલીસ અધીક્ષક ભરત બસીયાના દોરી સંચાર હેઠળ જીલ્લા પોલીસતંત્ર બુટલેગરો સામે શસ્ત્ર કાર્યવાહીના પગલે ફાટીને ધુમાડે ગયેલા અને કાયદાનો કોઈ ડર જ ન હોય તેવા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે

ભિલોડ પીઆઈ મનીષ વસાવાએ બુટલેગરો પર તવાઈ બોલાવી છે ભિલોડા પોલીસે હત્યામાં સંડોવાયેલ અને ખૂંખાર બુટલેગર જેશીંગપુરના નરેશ અમરત ખરાડીના પાસા મંજુર થતા નાસતો ફરતો હતો પોલીસને થાપ આપનાર નરેશ ખરાડીને પાદરા ગામ નજીકથી દબોચી લઈ સૂરતની લાજપોર જેલમાં ધકેલી દીધો હતો

## ધોલેરા તાલુકામાં પ્રધાનમંત્રી ઉજજવલા યોજના-૨.૦, સબસ્ક્રીપ્શન વાઉચર અને રસીકરણનો કાર્યક્રમ યોજાયો




રાજય સરકાર દ્વારા પ્રધાનમંત્રીશ્રીના જન્મદિને "ગરીબોની બેલી સરકાર" થીમ હેઠળ રાજયભરમાં કાર્યક્રમ યોજાયા હતા. જે અન્વયે અમદાવાદ જિલ્લાના ધોલેરા ખાતે પણ પ્રધાનમંત્રી ઉજજવલા યોજના-૨.૦સબસ્ક્રીપ્શન વાઉચર અને રસીકરણ તથા ૧૦૦% વેકશિનેશન પૂર્ણ કરેલ ગામના સરપંચોનુ સન્માન સહિતના લાભોનું લાભાર્થીઓને વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

સ્વચ્છ ઈંધણના અભાવે મહિલાઓ અને બાળકોના આરોગ્ય પર જોખમ રહે છે તેવું ન થાય તે માટે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ વિનામૂલ્યે ગેસ જોડાણ આપવામાં આવે છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લાના ધોલેરા આઈ.ટી.આઈ ખાતે તાલુકા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાપ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના૨.૦, ૪૦ લાભાર્થીઓને વિના મુલ્યે ગેસ કનેકશન કીટ અને સબસ્ક્રીપ્શન વાઉચર તથા કોરોનામાં માતા-પિતા ગુમાવી ચુકેલા ૫ બાળકોને મુખ્યમંત્રી બાળ સહાય યોજના હેઠળ હુકમ વિતરણ અને ધોલેરા તાલુકામાં ૧૦૦% વેકશિનેશન પૂર્ણ કરેલ ગામના ૯ સરપંચોનુ સન્માન કરવામાં આવ્યું હતું. કોવિડ વેકશિનેશન ૪૪૬૮ થી વધુ લોકોએ કરાવ્યું હતું.

આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારીશ્રી, અધિકારીશ્રીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસ ખાતે સગર્ભા બહેનોના આરોગ્યલક્ષી પહેલ

## મિસિસ યુનાઈટેડ નેશન્સ નીપા સિંઘની ઉપસ્થિતમાં સેવાભાવી સંસ્થાના સહયોગથી ૧૨૫ બહેનોને સુખડી વિતરણ કરાયુ



અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાની હેલ્થ ઓફિસ દ્વારા સગર્ભા બહેનોના આરોગ્યલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ગણેશોત્સવના પવિત્ર અવસરે ગણપતિ દાદાને સુખડીનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. વિરમગામની એક સેવાભાવી સંસ્થા સ્ટેપ અહેડ પોઝિટિવ મિડીયાના સહયોગથી વિરમગામની ૧૨૫ સગર્ભા બહેનોને સુખડી આપવામાં આવી હતી.

કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈને તાલુકા હેલ્થ ઓફિસમાં મિસિસ યુનાઈટેડ નેશન્સ-૨૦૧૭ શ્રી નીપા સિંઘની ઉપસ્થિતમાં પ્રતિકાત્મક રૂપે ૧૦ સગર્ભા બહેનોને સુખડી વિતરણ કરવામાં આવી હતી. બાકીના ૧૧૫ સગર્ભા બહેનોને આશાવર્કર દ્વારા ઘરે સુખડી પહોંચાડવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે, સગર્ભાવસ્થા દરમ્યાન સાંકર, વરીયાળી વાળુ દુધ, જેઠી મધ વાળુ દુધ, માખણ, ઘી, મધ, જુના ચોખા, સંચળ યોગ્ય માત્રામાં લેવુ જાઈએ. છઠ્ઠા માસે ગોખરૂવાળુ દુધ લેવુ જોઈએ. મગ, મગનું પાણી, કઠોળ, સિંગ, સુખડી, લીલા શાકભાજી વધારે પ્રમાણમાં લેવાની સલાહ તબીબો દ્વારા આપવામાં આવે છે.

જે ધાત્રી માતાને ધાવણ ન આવતુ હોય તેમને શતાવરી યુક્ત દુધ લેવાથી ધાવણ યોગ્ય માત્રામાં આવે છે. સગર્ભાવસ્થા દરમ્યાન યોગ્ય માત્રામાં આયર્ન, ફોલીક એસીડ તથા કેલ્શીયમની ટેબલેટ લેવી જોઈએ. સગર્ભાવસ્થા દરમ્યાન ઓછામાં ઓછી ૩ તપાસ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રમાં કરાવવી જોઈએ. સગર્ભાવસ્થા દરમ્યાન પોતાની રૂચી અનુસારના પુસ્તકો તથા ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું જોઈએ.

આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીશ્રીઓ, આશાવર્કર બહેનો, તાલુકાના અગ્રણીઓ અને સ્ટેપ અહેડ પોઝિટિવ મિડીયા ના વંદના નીલકંઠ વાસુકિયા સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### સખી'' વન સ્ટોપ સેન્ટર, ગાંધીનગર દ્વારા

# આત્મહત્યા કરવા નીકળેલ મહિલાનું તેના પરિવાર સાથે મિલન કરાવ્યું

ગાંધીનગર:

ગાંધીનગર જિલ્લાના મોટા ચિલોડા વિસ્તારની એક મહિલા ઘર કંકાસના કારણે પોતાની જીવનલીલા સંકેલી લેવા માટે કેનાલમાં ઝંપલાવ્યું હતું. સ્થાનિક ખેડૂતો દ્વારા આ મહિલાને બચાવી લેવામાં આવી હતી. ત્યારબાદ સખી વન સ્ટોપ સેન્ટર, ગાંધીનગર દ્વારા મહિલાનું તેના પરિવારજનો સાથે સુખદ મિલન કરાવી આપ્યું હતું.

ભારત સરકાર દ્વારા પુરસ્કૃત સખી - વન સ્ટોપ સેન્ટરનો હેતુ કોઈ પણ પ્રકારથી હિંસાથીપીડીત-શોષિત મહિલાને એક જ છત્ર નીચે તાત્કાલિક તમામ પ્રકારની સુવિધા જેવી કે, તબીબન્નેસેવા, પરામર્શ, પોલીસ સેવા, આશ્રય અને સંસ્થાકિય મદદ પુરી પાડવાનો છે.સખી વન સ્ટોપસેન્ટર ખાતે માહે ઓગસ્ટ-૨૦૨૧માં ઘરેલુ હિંસાથી પિડિત ૧૭ કેસ, બાળકો પર જાતિય હિંસા ૦૧કેસ, મિસિંગ ૦૧ કેસ આવેલ છે. જેને સખી-વન સ્ટોપ સેન્ટર દ્વારા ૧૯ કેસમાં આશ્રય, તબીબીસહાય, કાઉન્સેલીંગ, જેવી વિવિધ સહાય પુરી પાડવામાં આવી છે.

તાજેતરમાં ચિલોડા વિસ્તારમાં રહેતી મહિલાના ઘરમાં કંકાસ થતો હતો. આ મહિલા કંકાસના કારણે પોતાના ઘરેથી કોઈને જાણ કર્યા વિના ચાલી નીકળી હતી. ઘર છોડી નીકળેલી મહિલાએ કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી. કેનાલમાં એક મહિલાએ આત્મહત્યા કરવા છલાગ લગાવી છે, તેવી જાણ થતાં આસપાસના ખેડૂતો દ્વારા આ મહિલાને હેમખેમ કેનાલમાંથી બહાર કાઢવામાં આવી હતી.

આ મહિલાના પગલા અંગેની જાણ ૧૮૧ અભયૂમ મહિલા હેલ્પલાઈનમાં કરવામાં આવી હતી. મહિલા હેલ્પલાઈન દ્વારા આ મહિલાને ગાંધીનગર ખાતેના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મુકી જવામાં આવી હતી. સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મહિલાને સિવિલ હોસ્પિટલમાં યોગ્ય સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. તેમની સારવાર દરમ્યાન તેના પરિવારજનોની શોધખોળ પણ સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા કરવામાં આવી હતી. પરિવારજનોની જાણ થતાં તેમની સાથે વાતચીત કરી ઘર કંકાસ અને અન્ય સુખદ ઉકેલ લાવવામાં આવ્યો હતો. સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મહિલા અને પરિવારજનોનો મેળાપ કરાવ્યો તે સમયે હર્ષના આંસુ છલકાઈ ગયા હતા.

### કેબિનેટ મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે રિવ્યૂ બેઠક યોજાઈ

## અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી વિભાગને લાગતી દરેક યોજનાઓનો લાભ તમામ જરૂરિયાતમંદોને સમયસર મળી રહે તે સુનિશ્ચિત કરવા મંત્રીશ્રીએ જરૂરી સૂચનો કર્યા

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબિનેટ કક્ષાના મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારની અધ્યક્ષતામાં આજે પદગ્રહણ કર્યાના પ્રથમ દિવસે જ સ્વર્ણિમ સંકુલ -૧ ખાતે તાપી હોલમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે રિવ્યૂ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી મનીષાબેન વકીલ તેમજ મંત્રી શ્રી આર.સી.મકવાણાએ પણ હાજર રહી જરૂરી સૂચનો કર્યા હતા.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સંલગ્ન કચેરીઓના તમામ ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે રિવ્યૂ બેઠક યોજીને મંત્રીશ્રીએ વિભાગને લગતી દરેક યોજનાઓનો લાભ તમામ જરૂરિયાતમંદોને સમયસર મળી રહે તે સુનિશ્ચિત કરવા જરૂરી સૂચનો કર્યા હતા.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનૈના તોમર એ વિભાગની કામગીરી, યોજનાઓ તથા તેનો વ્યાપ અને આગામી આયોજનો અંગે મંત્રીશ્રીઓને વિસ્તૃત જાણકારી આપી માહિતગાર કર્યા હતા. જેને બારીકાઈથી સાંભળીને લાભાર્થીઓને વધુ ઉપયોગી થઈ શકાય તે માટેના જરૂરી સૂચનો આપ્યા હતા.

આ બેઠકમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંયુક્ત સચિવશ્રી, નાયબ સચિવશ્રી તથા અનુસૂચિત જાતિ કલ્યાણ, વિકસતી જાતિ કલ્યાણ તથા સમાજ સુરક્ષા ખાતાના નિયામકશ્રીઓ ઉપરાંત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ આવતા નિગમના મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓ સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સિવિલ હોસ્પિટલ કોરોના રસીકરણ કેન્દ્રમાં અત્યારસુધીમા રસીના ૪૦૩૭૫ ડોઝ આપવામાં આવ્યા

# ૧૨૦૦ બેડ મહિલા અને બાળરોગ હોસ્પિટલમાં ઓ.પી.ડી. અને આઇ.પી.ડી. સેવાઓનો પુનઃઆરંભ

અમદાવાદ સિવિલ મેડિસીટીમાં આવેલી ૧૨૦૦ બેડ મહિલા અને બાળરોગ હોસ્પિટલમાં ઓ.પી.ડી. અને આઈ.પી.ડી. સેવાઓનો પુનઃઆરંભ કરવામાં આવ્યો છે.લાંબા સમયથી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કોરોના હોસ્પિટલમાં પરિવર્તિત કરાયેલ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં આજથી જ આરોગ્યલક્ષી સેવાઓ પૂર્વવત કરાઈ છે.

સિવિલ સુપ્રીટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોષીએ વિગતો આપતા જણાવ્યું હતુ કે, કોરોના મહામારીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં વધારો થતા તત્કાલિન પરિસ્થિતિને ધ્યાને લઈને સરકાર દ્વારા ૧૨૦૦ બેડ હોસ્પિટલને કોરોના ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં પરિવર્તિત કરવામાં આવી હતી.અત્યારસુધીમાં કોરોના ડેઝીગ્નેટેડ આ હોસ્પિટલમાં એક લાખથી વધુ દર્દીઓએ ઓ.પી.ડી. સેવાઓનો લાભ મેળવ્યો છે.

કોરોનાની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ આવતા સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા ૧૨૦૦ બેડ મહિલા અને બાળ રોગ હોસ્પિટલની સેવાઓ પૂર્વવત કરીને બાળરોગ અને મહિલા લગતી બિમારીઓમાં અલાયદી સેવાઓનો પુનઃઆરંભ કરાવવામાં આવ્યો છે.છેલ્લા એક મહિનાથી ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં એક પણ કોરોના પોઝીટીવ દર્દી નવા દાખલ થયેલ નથી.

હાલ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે જરૂર પડ્યે ૨૦૦ બેડની અલાયદી વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. સંભવિત ત્રીજી લહેરના તમામ પડકારો ઝીલવા માટે પણ સિવિલ હોસ્પિટલ તંત્ર સજ્જ હોવાનું સિવિલ સુપ્રીટેન્ડેન્ટે ઉમેર્યુ હતુ.

આજથી ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં શરૂ થયેલ ઓ.પી.ડી. અને આઈ.પી.ડી. સેવાઓમાં ગાયનેક વિભાગમાં ૧૩૦ દર્દીઓ અને બાળરોગ વિભાગમાં ૧૨૦ દર્દીઓએ ઓ.પી.ડી. સેવાઓનો લાભ મેળવ્યો હતો.

બાળરોગ અને ગાયનેક વિભાગની સેવાઓ સંપૂર્ણપણે કાર્યરત થઈ છે. આવનારા સમયમાં બાળરોગ સર્જરી અને યુરોલોજી જેવી સુપરસ્પેશાલિટી સેવાઓ ટૂંકસમય માં જ તબક્કાવાર કાર્યરત કરાવવામાં આવશે તેમ ડૉ.જોષીએ જણાવ્યું હતુ.



ગઈ કાલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના અવસરે સમગ્ર રાજયમાં વેક્સિનેશન મેગાડ્રાઈવનું આયોજન થયુ હતુ. જેના ભાગરૂપે અમદાવાદ સિવિલમાં પણ રાત્રે ૧૨ વાગ્યા સુધી કોરોના રસીકરણની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ૨૮૧ દર્દીઓએ કોરોના સામે સલામતી આપતી રસી મૂકાવીને સલામતીનો સંદેશો પાઠવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૬મી જાન્યુઆરી ૨૦૨૧ થી સમગ્ર દેશમાં શરૂ થયેલ કોરોના રસીકરણ અભિયાન હેઠળ સિવિલ હોસ્પિટલના કોરોના રસીકરણ કેન્દ્રમાં અત્યારસુધીમાં ૪૦૩૭૫ લોકોને કોરોના સામે સલામતી આપતી રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી કોવિશિલ્ડના ૩૯૨૫૧ તથા કોવેક્સિનના ૧૧૨૪ ડોઝ લાભાર્થીઓને આપવામાં આવ્યા છે.

અમિતસિંહ ચૌહાણ

# અરવલ્લી :એક યુવકનું ઓક્સીજન ઘટી જતા ૧૦૮માં ઓક્સીજન સારવાર આપી



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અનેક વાર લોકો માટે યમદૂત સાબીત થઈ છે ભિલોડા તાલુકાના ધંબોલીયા ગામે ગર્ભવતી મહિલાને પ્રસવની પીડા ઉપડતા વહેલી સવારે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરતા તાબડતોડ ધંબોલીયા ગામે પહોંચી હતી જ્યાં પ્રસૂતાને અસહ્ય પીડા ઉપડતા અને બ્લડ પ્રેસર પણ ઓછું થતા ભિલોડા ૧૦૮ એમ્બ્યુલસના ઈએમટી નિલેશ ભાઈ અને પાયલોટ સુરેશ ભાઈએ પ્રસૂતાની તબિયત લથડતા મહિલાના ઘરે જ નોર્મલ ડીલેવરી કરાવી મહિલા અને નવજાત શિશુનો જીવ બચાવી લીધો હતો મહિલા અને બાળકને વધુ સારવાર અર્થે શામળાજી સરકારી દવાખાને ખસેડી દીધા હતા પ્રસૂતા આશાબેન અને તેમના પરિવારજનોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની સરાહના કરી હતી . ભિલોડા નજીક આવેલા પોશીના ઘાંટીમાં રહેતા તખતસિંહ નામના યુવકે અચાનક ગભરામણ થવાની સાથે છાતીમાં દુખાવો અસહ્ય બનતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સનો સંપર્ક કરતા ભિલોડા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલસ તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી તખતસિંહની તપાસ કરતા ઓક્સીજન લેવલ નીચે જતું હોવાથી ૧૦૮ એમ્બ્યુલ્સમાં ઓક્સીજન આપી સાથે સઘન સારવાર કરતા તખતસિંહની તબીયત સુધારા પર જણાતા તરતજ યુવકને ઈડર સીએચસીમાં સારવાર અર્થ ખસેડી યુવકની જીંદગી બચાવવામાં ૧૦૮ એમ્બ્યુલસ સફળ રહી હતી

# માણાવદરના ખારા નદીકાંઠાના મકાનો તોડવા સામે સ્ટે



માણાવદર શહેરના ખારા નદી કાંઠામાં શહેરના વિકાસ માટે રિવરફ્રન્ટ બનાવવા કાર્ય પુરજોશમાં છે ત્યારે આ કાર્યમાં અડચણ રૂપ હોવાના બહાના હેઠળ તેમાં રહેતા ગરીબ લોકોના મકાનો તોડવાની અમાનવીય કાર્ય હાથ ધરે તે પહેલા તેની સામે એનસીપીના નેતા રેશ્માબેન પટેલ દ્વારા સમગ્ર તંત્ર ને આ ૨૫૦થી ૩૦૦ લોકોના પરિવારને અન્યત્ર સગવડ મકાનોની કરી આપવા માંગ કરેલ છે તે દરમિયાન આ મકાનો માંથી વીજ કનેકશનો કાપી નાખવામાં આવતાં છેલ્લા ત્રણ મહિનાથી અંધારામાં રહેતા જેની સામે એનસીપી મહિલા પ્રમુખ રેશ્માબેન પટેલ દ્વારા હાઈકોર્ટના દ્વાર ખખડાવી ન્યાયની અપીલ કરતાં હાઈકોર્ટમાંથી હાલ મકાનોની યોગ્ય વ્યવસ્થા કર્યા બાદ તોડવા ત્યાં સુધી સ્ટે ઓર્ડર આપ્યાનું રેશમા પટેલે નિવેદનમાં જણાવેલ છે. જીઈબી દ્વારા કાપેલી લાઈટ તાત્કાલિક મળવી જોઈએ તે માટે જૂનાગઢ કલેકટર અને માણાવદર મામલતદારને રજૂઆત કરી છે અને વધુમાં જણાવેલ કે જો તાત્કાલિક લાઈટો આપવામાં નહી આવે તો અમે બધા પીડિતો મહિલા બાળકો વૃદ્ધો જૂનાગઢ કલેકટર ઓફિસે જઈ ધરણા કરશું અને ન્યાય માંગીશું. એક મહિલાએ સરકાર સામે બાથ ભીડી છે ત્યારે શું નિકાલ તંત્ર કરે છે તે જોવું રહ્યું હાલતો રેશ્માબેન પટેલ ગરીબોના મસીહા તરીકે બહાર આવ્યા છે

રિપોર્ટર - જીગ્નેશ પટેલ માણાવદર

# મંગલ મંદિર સેવા પરિવાર બગોદરા માં તિથિ ભોજન



બગોદરા નજીક હાઈવે ઉપર આવેલા મંગલ મંદિર સેવા પરિવાર બગોદરા માં તા ૧૮/૯/૨૧ને શનિવારે ભગવાનભાઈ અજીભાઈ દાયમા પરિવાર સિમેજ પરિવાર તરફથી તિથિ ભોજન આપવામાં આવેલ. આ બાબતે વધારે જાણકારી મળતાં જાણવા મળેલ છે કે મંગલ મંદિર માનવ સેવા પરિવાર બગોદરાના ટ્રસ્ટી દિનેશભાઈ વાડિયા સાથે વાત કરતા આ સંસ્થા માં આશરે ૨૭૩ મેટલી અસ્થિ /ગાંડા ને નિહ સ્વાર્થે ભાવે સાચવવા માં આવે છે આ પવિત્ર જગ્યા પર માનવ સેવા અર્થે સેવા કરવામાં આવે છે જેમાં રોડ ઉપર રખડતા મેટલી અસ્થિર મગજથી ભાઈઓ તથા બહેનો ને લાવિ પરમાથિ કાયો દવાનિ સાથે રહેવા ની મફત સગવડો અને સવારે નવડાવી ધોવડાવિ ચા નાસ્તો ૧૧/૪૫ કલાક ના ટકોરે વિસલ વાગતાં ફુલ જમણવાર બપોરે ચા અને સંધ્યા સમયે ફરજિયાત જમણવાર આપવામાં આવે છે આ સંસ્થા માં પંડપીડાએ દુઃખી નિરાધાર બિનવારસી માનવિઓની માનવિઓની સેવા કરવામાં આવે છે દાતાઓ તરફથી તિથિ ભોજન પણ આપવામાં આવે છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વામિનારાયણ ભગવાનના સાતમા વંશજ નરનારાયણ દેવ પીઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય કોશલેન્દ્રપ્રસાદજી મહારાજની શુભેચ્છા મુલાકાત કરી હતી. અમદાવાદ સ્થિત કૌશલેન્દ્રજી મહારાજના નિવાસસ્થાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુલાકાત કરી હતી. પૂજ્ય કૌશલેન્દ્રજી મહારાજે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને દીર્ધાયુ અને સફળનેતૃત્વ ના આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે પરમ પૂજ્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા શ્રી વજેન્દ્રપ્રસાદજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા..






### કોરોના વેક્સિનેશન મહાઅભિયાનમાં ગુજરાતની અભૂતપૂર્વ સિદ્ધિ

# રાજ્યમાં એક જ દિવસમાં ૨૩.૬૮ લાખ લોકોનું વેક્સિનેશન થયું



ગુજરાતમાં કોરોના રસીકરણ મહાઅભિયાન અંતર્ગત એક જ દિવસમાં ૨૩.૬૮ લાખ વ્યક્તિઓના રસીકરણની અભૂતપૂર્વ સિદ્ધિ નોંધાઈ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ તા.૧૭મી સપ્ટેમ્બરે એક જ દિવસમાં આ રસીકરણ અભિયાન અન્વયે રાજયભરમાં ૨૩,૬૮,૦૦૬ લોકોને કોરોના વેક્સિનેશન સુરક્ષા કવચથી આવરી લેવાની ઉત્કૃષ્ટ કાર્યદક્ષતા માટે સૌ આરોગ્યકર્મીઓ, ફ્રન્ટલાઈન વર્કર્સને અભિનંદન પાઠવ્યા છે.

સમગ્ર ગુજરાતમાં કોરોના વેક્સિનેશન અભિયાન વેગવાન બન્યું છે અને અત્યાર સુધીમાં રાજયમાં ૩ કરોડ ૯૬ લાખ ૬૬,૭૧૯ પ્રથમ ડોઝ તેમજ ૧ કરોડ ૬૩ લાખ ૬૮ હજાર ૫૯૨ બીજો ડોઝ મળી કુલ ૫.૫૯ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK